પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક
www.panchmahalsamachar.com

# પંચમહાલ સમાચાર

E-mail : panchmahalsamachar@gmail.com
Panchmahal Samachar Daily News

RNI NO:- 67073/97
વર્ષ:૨૪, અંક:૨૩૩, કુલ પાના:૪, તારીખ: ૨૭-૦૫-૨૦૨૧ ગુરૂવાર, કિંમત રૂ.૧.૫૦/-,VOLUME/YEAR : 24, ISSUE : 233 PRICE :-RS. 1.50 DATE : 27-05-2021
EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL(GUJARAT)
PRINTED AT: PANCHMAHAL PRESS, MODINI VADI NO-1, STATION ROAD,GODHRA.(PMS) MOBILE : 9429052627 (02672-243351)
Whatsapp No.9712880678

પંચમહાલ સમાચાર ઈ-પેપર જોવા વોટ્સએપ પર નામ લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

### કોરોના કેસોમાં ઘટાડો નોંધાતા સરકારે રાહત આપી

# ૩૬ શહેરોમાં આજથી રાત્રિ કર્ફ્યૂ ૯થી સવારના ૬ રહેશેઃ મુખ્યમંત્રી

ગાંધીનગર,

ગુજરાતમાં રાત્રિ કરફ્યૂને લઈને આજે એક મહત્વપૂર્ણ સમાચાર મળી રહ્યા છે. રાજ્યના મુખ્યમંત્રી વિજય રૂપાણી દ્વારા હાલ તેની જાહેરાત કરવામાં આવી છે. ગુજરાતના ૩૬ શહેરોમાં રાત્રે ૯ વાગ્યાથી સવારે ૬ વાગ્યા સુધી રાત્રિ કર્ફ્યૂ રહેશે. આ સાથે જ આવતીકાલથી રાત્રે ૮ના બદલે ૯ વાગ્યાથી રાત્રિ કર્ફ્યૂ લાગૂ થશે.






રાજ્યમાં કોરોના કેસ ઘટતા ૩૬ શહેરોમાં લગાવવામાં આવેલ રાત્રે ૮થી સવારે ૬ વાગ્યા સુધી રાત્રિ કર્ફ્યૂમાં ઘટાડો કરવામાં આવ્યો છે. ૩૬ શહેરોમાં રાત્રિ કર્ફ્યૂનો સમય રાત્રે ૯ વાગ્યાથી સવારે ૬ વાગ્યા સુધી કરવામાં આવ્યો છે. લોકોને કર્ફ્યૂમાં એક કલાકની રાહત આપવામાં આવી છે. રાજ્યના ૩૬ શહેરોમાં રાત્રે ૯થી સવારે ૬ વાગ્યા સુધી કર્ફ્યૂનો અમલ થશે. આવતીકાલથી નવા નિયમો અમલી બનશે.

અત્રે નોંધનીય છે કે, ગુજરાતમાં ૮ મહાનગર અને ૩૬ શહેરમાં રાત્રિ કર્ફ્યૂ ચાલી રહ્યો છે, જેની મુદત આજે પૂર્ણ થતાં રૂપાણી સરકાર દ્વારા એક નિર્ણય લેવામાં આવ્યો છે. કોરોનાના કેસ છેલ્લા કેટલાક દિવસોથી સતત ઘટાડો થતા કર્ફ્યૂનો સમયમાં એક કલાકનો ઘટાડો કરીને રાત્રે ૯ વાગ્યાથી સવારે ૬ વાગ્યા સુધી કર્યો છે. હજુ પણ સરકાર કોઈ ચાન્સ લેવા માંગતી નથી. જેથી એક કલાકનો સમય ઘટાડ્યો છે.

અત્રે નોંધનીય છે કે આજે મુખ્યમંત્રી વિજય રૂપાણીની અધ્યક્ષતાએ કેબિનેટ બેઠક મળી છે. જેમાં વાવાઝોડાથી ખેતીમાં નુકસાની માટે ખેડૂતો માટે વળતર, રાત્રિ કરફ્યૂ જેવા મુદ્દાઓની ચર્ચા થઈ છે, જેમાં આ નિર્ણય લેવાયો છે. આજે સવારે ૧૦.૩૦ કલાકે કેબિનેટ બેઠક મળી હતી. જેમાં વાવાઝોડા બાદ કૃષિ અને બાગાયતી પાકોમા થયેલ નુકશાનનીના વળતર સંદર્ભે ચર્ચા કરીને જાહેરાત કરવામાં આવી છે.

વાવાઝોડાનાં કારણે થયેલ કૃષિ નુકશાનીનો રિપોર્ટ કેબિનેટ બેઠકમાં રજુ કરવામાં આવ્યો હતો. સાથે જ રાજ્યમાં કોરોના સંક્રમણનાં ઘટતા કેસો અને રાજ્યમાં ચાલી રહેલા વેક્સીનેશન પ્રોગ્રામને વધુ વેગવાન બનાવવા સંદર્ભે પણ ચર્ચા થઈ હતી.

### દુકાનો ખોલવાનો સમય સવારના ૯થી બપોરના ૩ને બદલે ૯થી ૬ કરવા ગુજરાત ચેમ્બરની સરકારને રજૂઆત

દરમિયાન રાજ્યમાં દુકાનો, વેપાર-ધંધા ખોલવાનો સમય હાલના સવારના ૯થી બપોરના ૩ વાગ્યાનો છે જેને લંબાવીને સવારના ૯થી સાંજના ૬ સુધી કરવા માટે ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝે રાજ્ય સરકારને રજૂઆત કરી છે. જો કે આ મુદ્દે રાજ્ય સરકાર તરફથી હજુ કોઈ સ્પષ્ટતા કરવામાં આવી નથી.

# ગંદા-પાણીના શુદ્ધીકરણ માટે સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટને મંજૂરી

ગાંધીનગર,

રાજયના મુખ્ય પ્રધાન વિજય રૂપાણીએ રાજયની નવ નગરપાલિકાઓ સાવરકુંડલા, ગઢડા, કઠલાલ, મહુધા, બાયડ, પાટડી, સોજીત્રા, સિદ્ધપુર અને વલ્લભવિદ્યાનગરમાં મોડર્ન ટેકનોલોજી આધારિત સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટની સ્થાપના કરવા માટે સૈદ્ધાંતિક મંજૂરી આપી છે.

રાજયના તમામ શહેરોમાં પીવાના પાણી તથા ભૂગર્ભ ગટરની સુવિધા પૂરી પાડવા માટેના કામો હાથ ધરવામાં આવ્યા છે. સ્વર્ણિમ જયંતી મુખ્ય મંત્રી શહેરી વિકાસ યોજના અન્વયે રાજયની આ નવ નગરપાલિકાઓમાં સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટની સ્થાપના કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

આ સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટની સ્થાપનાના કારણે ટૂંક સમયમાં જ રાજયની તમામ ૧૫૬ નગરપાલિકાઓમાં એસટીપી પ્લાન્ટ કાર્યરત કરવાનો રાજય સરકારનો મહત્વપૂર્ણ લક્ષ્યાંક પૂર્ણ થશે.

મુખ્ય પ્રધાને નગરપાલિકાઓની લાંબા ગાળાની માગણીનો પ્રતિસાદ આ સૈદ્ધાંતિક મંજૂરીથી આપ્યો છે. રાજયનાં શહેરો-નગરો સમયાનુકૂળ તમામ સુવિધાયુક્ત બને એ માટેના આયોજનબદ્ધ પ્રયાસો રાજય સરકારે હાથ ધર્યા છે. એ અંતર્ગત તમામ નગરો એસટીપી-ડબલ્યુટીપી યુક્ત બને તેમજ વપરાયેલા ગંદા પાણી રિયુઝ ઓફ ટ્રીટેડ વોટરનો પણ ખેતીવાડી, બાગ-બગીચા, તળાવો ભરવા જેવાં કામોમાં પુનઃ વપરાશ થાય એ દિશામાં રાજય સરકાર સતત પ્રયત્નશીલ છે.સ્વર્ણિમ જયંતી મુખ્ય મંત્રી શહેરી વિકાસ યોજના હેઠળ ભૂગર્ભ ગટર યોજનાનાં કુલ ૧૮૩ કામો ૧૫૬ નગરપાલિકાઓ માટે મંજૂર કરવામાં આવ્યાં છે અને ૧૪૪ નગરપાલિકાઓમાં આવાં કામો પૂર્ણ થઈ ગયાં છે. તેમણે હવે મંજૂર કરેલી આ નવ નગરપાલિકાઓના જી.ૅના કામો પૂર્ણ થવાથી આ નગરોના લાખોની સંખ્યામાં શહેરીજનોને લાભ મળશે અને શહેરીજીવન સુખાકારીમાં વૃદ્ધિ થશે.

### ગુજ.યુનિ.એ યુજીના વિવિધ કોર્સની સેમેસ્ટર-૧ની ઓનલાઈન પરીક્ષાનો કાર્યક્રમ જાહેર



અમદાવાદ,

ગુજરાત યુનિવર્સિટી દ્વારા યુજીના વિવિધ કોર્સની સેમેસ્ટર-૧ની ઓનલાઈન પરીક્ષાનો કાર્યક્રમ જાહેર કરવામા આવ્યો છે. જે મુજબ ૪ જૂનથી પરીક્ષાઓ શરૃ થશે. ઉલ્લેખનીય છે કે ગુજરાત યુનિવર્સિટી દ્વારા વિન્ટર સેમેસ્ટરની ઓફલાઈન પરીક્ષાઓ મોકુફ થયા બાદ ગત મહિને પ્રથમ તબક્કાની ઓનલાઈન પરીક્ષાઓ લેવાઈ હતી. જેમાં બીએ, બીકોમ અને બીબીએ-બીસીએ સેમ.૧ની પરીક્ષાઓ લેવાઈ હતી તેમજ બીએસસી અને બીએડ સેમ.૧ની પરીક્ષા બાકી હતી જે હવે ૪ જુનથી લેવાશે. ઉપરાંત અગાઉની પરીક્ષાઓ જે વિદ્યાર્થીઓ નથી આપી શક્યા તેઓ માટે ફરીથી પરીક્ષા ગોઠવાતા હવે ૪ જુનથી બીએ, બીકોમ, બીબીએ-બીસીએ, બીએસસી અને બીએડ સેમ.૧ સહિતની તમામ પરીક્ષાઓ લેવાશે.

આ પરીક્ષાઓ ૧૦થી ૧૨ જુન સુધી ચાલશે. જેમાં ૩૦ હજાર જેટલા વિદ્યાર્થીઓ પરીક્ષા આપશે. યુજી સેમ.૧ની પરીક્ષાઓ હાલ જાહેર કરાઈ છે જ્યારે યુજી સેમેસ્ટર -૬ (સમર સેમેસ્ટર) અને પીજી સેમેસ્ટર-૪ (સમર સેમેસ્ટર)ની ઓનલાઈન પરીક્ષા કાર્યક્રમ હવે પછી જાહેર કરાશે. આ પરીક્ષાઓ પણ જુનમાં જ લઈ લેવાશે.

### વેજલપુર ક્રોસિંગ પાસે આગની ઘટનાઃ દરેક પરિવારને ૨૫ લાખનું વળતર ચૂકવવા માંગ



અમદાવાદ,

અમદાવાદમાં મંગળવારે વેજલપુર ક્રોસિંગ પાસે સૂર્યનગર વસાહતમાં આગની ઘટનામાં અસરગ્રસ્ત દરેક પરિવારને ૨૫ લાખનું વળતર આપવાની માંગ કરાઇ છે. નવસર્જન ટ્રસ્ટ દ્વારા મુખ્યમંત્રી વિજય રૂપાણીને પત્ર લખી આગથી આર્થિક રીતે પડી ભાંગેલા વાલ્મિકી સમાજના લોકોને સહાય કરવા રજુઆત કરવામાં આવી છે. કાંતિ પરમારે પત્રમાં તાકિદે મદદની માગ સાથે જણાવ્યું છે કે સૂર્ય નગરમા અનુસૂચિત જાતિના વાલ્મિકી સમાજના ૩૦ ઝુંપડાઓમાં આગ લાગતા તેમની તમામ ઘરવખરી બળીને ખાખ થઈ ગઈ છે. જેથી આ કિસ્સામાં પીડિત પરિવારોની રહેવા-જમવાની વૈકલ્પિક વ્યવસ્થા કરવા સાથે આગથી થયેલ નુકસાન સામે દરેક પરિવારને રુ.૨૫ લાખનું વળતર ચૂકવવા અમારી ન્યાયનાં હિતમાં માંગણી છે. તેમણે વધુમાં જણાવ્યું છે કે હાલમાં ગુજરાતમા અને દેશ તેમજ વૈશ્વિક લેવલ પર વૈશ્વિક કોવિડ -૧૯ ની મહામારી ચાલી રહી છે. તેવામાં મોટાભાગના લોકો લોકડાઉનમાં પોતાનો ધંધો વ્યવસાય ગુમાવી બેઠા છે અને બેરોજગાર બની ગયા છે. પડતા પર પાટુ કહો કે જે સૂર્યનગરમાં અનુસૂચિત જાતિના ૩૦ પરિવારોના ઝુંપડા અચાનક આકસ્મિક આગ લાગતા બળીને ખાખ થઈ ગયા.

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.

- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઇઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

પગી બી. એમ.

મુ. હાડોડ, તા. લુણાવાડા

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.

- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઇઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

ધી સાલાવાડા ચા. અર્થક્ષમ સે.સ.મં.લી.

મુ. સાલાવાડા, તા. લુણાવાડા

### નવા કાયદાઓથી પ્રાઈવસી ખતમ થઈ જશેઃ વોટ્સએપ

# વોટ્સએપે ભારત સરકાર વિરુદ્ધ દિલ્હી હાઈકોર્ટમાં કેસ દાખલ કર્યો

ન્યુ દિલ્હી,

વોટ્સએપ તરફથી ભારત સરકાર વિરૂદ્ધ દિલ્હીમાં એક ફરિયાદ દાખલ કરવામાં આવી છે. આ ફરિયાદમાં વોટ્સએપે સરકારને બુધવારથી જાહેર થનારા રેગ્યુલેશંસને ના લાગુ કરવાની માંગ કરી છે. નવા નિયમ હેઠળ સરકારે ફેસબુકની માલિકીના હક ધરાવતી કંપનીને પ્રાઈવેસી રૂલ્સ પાછળ હટવા કહ્યુ છે. આ કેસમાં દિલ્હી હાઈકોર્ટને એમ જાહેર કરવા કહેવામાં આવ્યુ છે કે નવા નિયમમાંથી એક ભારતના બંધારણ હેઠળ આપવામાં આવેલી ગુપ્તતાના અધિકારનું ઉલ્લંઘન છે. આવુ એટલા માટે કારણ કે નવા નિયમ અનુસાર, જ્યારે સરકાર



માંગ કરે તો સોશિયલ મીડિયા કંપનીઓએ કોઈ સૂચના સૌથી પહેલા શેર કરનારાની ઓળખ કરવી પડે છે.

કાયદા અનુસાર, વોટ્સએપને માત્ર તે લોકોની ઓળખ જણાવવાની છે, જેમની પર ખોટી જાણકારી શેર કરવાનો વિશ્વસનીય આરોપ છે પરંતુ વોટ્સએપનું કહેવુ છે કે તે આમ નથી કરી શકતા. વોટ્સએપ અનુસાર, તેમના મેસેજ એન્ડ-ટૂ-એન્ડ એક્રિપ્ટેડ એટલે કૂટ ભાષામાં હોય છે, તેમનું કહેવુ છે કે નવા નિયમનું પાલન કરવા માટે તે મેસેજ મેળવનારાઓ માટે અને મેસેજને સૌથી પહેલા શેર કરનારાઓ માટે એક્રિપ્શનને બ્રેક કરવુ પડશે.

હજુ સુધી આ ખબર નથી પડી કે કોર્ટ આ અરજી પર ક્યારે સુનાવણી કરશે. સંવેદનશીલતાને જોતા પોતાની ઓળખ જાહેર કરવાનો પણ ઈનકાર કરી દીધો છે. વોટ્સએપના પ્રવક્તાએ આ મામલે નિવેદન આપવાનો ઈનકાર કર્યો છે. જોકે, આ કેસ ભારત સરકારના ફેસબુક, ટ્વિટર સહિત અન્ય સોશિયલ મીડિયા કંપનીઓ સાથે ચાલી રહેલા ટકરાવને વધારી શકે છે. ગત અઠવાડિયે જ કોંગ્રેસ અને ભાજપ વચ્ચે છેડાયેલા ટૂલકિટ વિવાદને લઈને દિલ્હી પોલીસ ટ્વિટરના કાર્યાલયે પહોચી હતી. વોટ્સએપે ભાજપ પ્રવક્તા સંબિત પાત્રા તરફથી કરવામાં આવેલા એક ટ્વિટને મેન્યુપ્લુલેટિવ મીડિયાનો ટેગ આપ્યો હતો.

આ પહેલા પણ ભારત સરકારે ટ્વિટરને કેટલાક ટ્વીટ ડિલેટ કરવા કહ્યુ હતું. કેન્દ્ર સરકારનું કહેવુ હતું કે આ ટ્વીટ્સ કોરોના મહામારીને લઈને ખોટી જાણકારી ફેલાવી રહ્યા હતા. જોકે, દાવો એવો પણ કરવામાં આવ્યો છે કે કેન્દ્ર સરકારે તે ટ્વીટ પણ ડિલેટ કરાવી હતી જેમાં તેમની ટિકા કરવામાં આવી હતી.

### લક્ષદ્વિપ ટાપુઓ દેશનું આભૂષણ, સરકાર તેને નષ્ટ કરવા માંગે છેઃ રાહુલ ગાંધી



ન્યુ દિલ્હી,

ભારતના લક્ષદ્વિપ ટાપુઓ આજકાલ ચર્ચામાં છે. કેન્દ્ર સરકાર આ ટાપુઓને ખતમ કરવા માંગે છે તેવો આરોપ કોંગ્રેસના પૂર્વ અધ્યક્ષ અને સાંસદ રાહુલ ગાંધીએ લગાવ્યો છે. રાહુલ ગાંધીએ આ મુદ્દે કહ્યુ હતુ કે, લક્ષદ્વિપ ટાપુઓ દેશનુ આભુષણ છે અને સરકાર તેને નષ્ટ કરવા માંગે છે. રાહુલ ગાંધીએ ટ્વિટ કરીને કહ્યુ હતુ કે, હું લક્ષદ્વિપના લોકોના ટેકામાં છું. કેન્દ્ર સરકાર આ આભૂષણને ખતમ કરી રહી છે. સત્તા પર બેઠેલા અજ્ઞાનીઓ અને કટ્ટરવાદીઓ લક્ષદ્વિપને ખતમ કરવામાં લાગેલા છે. હું ત્યાંના લોકોની સાથે છું.

કોંગ્રેસે ગઈકાલે પણ સરકારને અપીલ કરી હતી કે,લક્ષદ્વિપને લઈને જે પણ નિર્ણયો લેવાયા છે તેને પાછા ખેંચવામાં આવે અને પ્રફુલ્લ પટેલને પ્રશાસક પદેથી હટાવવામાં આવે. પાર્ટીના મહાસચિવ પ્રિયંકા ગાંધીએ પણ કહ્યુ હતુ કે, કોંગ્રેસ લક્ષદ્વિપના લોકોની સાથે છે અને તેમની સાંસ્કૃતિક ધરોહરની રક્ષાની લડાઈમાં સાથ આપસે.

કોંગ્રેસ રાષ્ટ્રપતિને પત્ર લખીને પ્રશાસક પદેથી પ્રફુલ્લ પટેલને હટાવવાની માંગ કરીને કહ્યુ હતુ કે, તેમના કાર્યકાળમાં જે પણ નિર્ણયો લેવામાં આવ્યા છે તેને રદ કરવામાં આવે.

મળતી વિગતો પ્રમાણે લક્ષદ્વિપ પર દારુબંધી હટાવવામાં આવ છે. ઉપરાંત બીફ પ્રોડકટસ પર પ્રતિબંધ મુકાયો છે. લક્ષદ્વિપની મોટાભાગની વસતી માટે માછીમારી જ મુખ્ય વ્યવસાય છે પણ વિપક્ષોના આરોપ છે કે તંત્ર દ્વારા દરિયા કિનારા પરથી માછીમારોની ઝુંપડીઓ હટાવવાનો આદેશ આપવામાં આવ્યો છે.

### અમેરિકી કંપની ફાઇઝર ભારતને ૫ કરોડ રસી આપવા તૈયાર, પરંતુ શરતોને આધીન




ન્યુ દિલ્હી,

અમેરિકી કંપની ફાઇઝર ભારતને ૫ કરોડ કોરોના વેક્સિન આપવા તૈયાર તો છે, પરંતુ શરતોને આધીન તે આગળ વધવા માંગે છે. દેશમાં કોરોનાની રસીની સર્જાયેલી કથિત અછત વચ્ચે ફાઇઝર-બોયોએનટેકે આ વર્ષમાં રસીના ૫ કરોડ શોટ્સ મોકલવાની તૈયારી દર્શાવી છે. પરંતુ તેના બદલામાં તે મોદી સરકારથી નિયમોમાં બાંધછોડ ઈચ્છે છે.

મીડિયા એહેવાલ મુજબ મોદી સરકાર અને ફાઇઝર-બાયોએનટેક વચ્ચે વેક્સિનની ડીલ મામલે ઘણા તબક્કાની વાતચીત થઈ છે. ત્યાર બાદ કંપનીએ એક નિવેદન જારી કરી જણાવ્યું હતું કે રસી અંગે ભારત સાથે વાતચીત ચાલી રહી છે અને તેના ટુકમાં સારા પરિણામ આવશે.

પ્રાપ્ત વિગત મુજબ ફાઇઝર આ વર્ષે જુલાઈથી જ રસી આપવા તૈયાર છે. જેમાં જુલાઈ અને ઓગસ્ટમાં ૧-૧ કરોડ ડોઝ, સપ્ટેમ્બરમાં બે કરોડ અને ઓક્ટોબરમાં એક કરોડ ડોઝ આપવા રાજી છે. જો કે આ અંગે તે ભારત સરકાર સાથે પેમેન્ટ સહિત સીધી ડીલ કરવા માંગ છે. આમ તો રસી મામલે લગભગ બધુ ફાઈનલ થઈ ગયું છે. પરંતુ સૂત્રોનું કહેવું છે કે મામલો એક વાતે ફસાયેલો છે. જેમાં ફાઇઝર-બાયોએનટેકે અમેરિકા, બ્રિટન સહિત ઘણી સરકારો પાસેથી કાયદાકીય સુરક્ષાની ખાતરી માગી છે.

આ જ માગ તેણે ભારત સરકાર પાસે પણ મૂકી છે. કંપની ઈચ્છે છે કે રસી મૂકાયા બાદ કોઈ પણ પ્રકારનો કાયદાકીય મામલો સર્જાય તો તેના માટે કંપની જવાબદાર રહેશે નહીં. કેન્દ્ર સરકારે તેના માટે બાંહેધરી આપવી પડશે.

# રાજ્યમાં સરકારી કર્મચારીઓનું વર્ક ફોર્મ હોમ પૂર્ણ, સોમવારથી કચેરીમાં ૧૦૦% હાજરી શરૂ

ગાંધીનગર,

ગુજરાતમાં સરકારી કચેરીઓ આગામી સપ્તાહના સોમવારથી ૧૦૦ ટકા કર્મચારી સાથે ફરીથી ધમધમતી થઈ જશે. રાજ્યમાં કોરોના કેસ ઘટતા જીએડીએ દોઢ મહિનાથી ચાલી આવતી ૫૦ ટકા કર્મચારીઓની હાજરીની છુટછાટ શુક્રવાર સુધી જ લંબાવી છે. જીએડીના અધિક મુખ્ય સચિવ કમલ દયાણીની સહીથી ૨૪ મેના રોજ પ્રસિદ્ધ પરિપત્રમાં ૫૦ ટકા કર્મચારીઓની હાજરીની મુદ્દત ૨૮મેને શુક્રવાર સુધી લંબાવવાનું જાહેર કરાયું છે. ત્યારબાદ ૨૯ મેના રોજ શનિવારે આવશ્યક અને તાત્કાલિક સેવાઓ સિવાયની કચેરીઓ સિવાયની કચેરીઓ બંધ રહેશે. ૩૦ મેના રોજ રવિવારની જાહેર રજા છે. આથી ૩૧મેને સોમવારથી ૫૦ ટકા કર્મચારીનું વર્ક ફોર્મ હોમ બંધ થશે અને સચિવાલય સહિત રાજ્યભરની સરકારી કચેરીઓ ૧૦૦ ટકા કર્મચારીઓની હાજરી સાથે પૂર્વવત થઈ જશે. એપ્રિલ મહિનામાં સચિવાલય સહિત ગાંધીનગરના બોર્ડ કોર્પોરેશનમાં કોરોનાના કેસ વધતા સરકારે કચેરીઓનું સંચાલન ૫૦ ટકા કર્મચારીઓની હાજરી સાથે કરવા તેમજ તમામ શનિવારે રજા જાહેર કરવાનો નિર્ણય કર્યો હતો.

# મહીસાગર જિલ્લામાં આજે ૩૦ પોઝિટિવ કેસ : જિલ્લામાં કોરોનાના કુલ ૭૩૦૩ પોઝીટીવ કેસ નોંધાયા

લુણાવાડા,
કોરોના વાયરસની સામે લડવા કેન્દ્ર અને રાજય સરકારે અગમચેતીનાં સંખ્યાબંધ પગલાંઓ લીધા છે. કોરોના સામે લડવા લોકોની જાગૃતિ એટલી જ જરૂરી છે. જાગૃતિ અને સાવધાની એ જ બચાવનું શ્રેષ્ઠ માધ્યમ સાબિત થયા છે. ત્યારે મહીસાગર જિલ્લા કલેકટર આર. બી. બારડ અને જિલ્લા વિકાસ અધિકારી કે. ડી. લાખાણીના સીધા માર્ગદર્શન હેઠળ જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા અનેકવિધ પગલાંઓ ભરવામાં આવી રહ્યા છે. મહીસાગર જિલ્લામાં આજે બાલાસિનોર તાલુકાના–૦૩ સ્ત્રી અને ૦૨ પુરૂષના, કડાણા તાલુકાના ૦૧ સ્ત્રી, ૦૦ પુરૂષના, ખાનપુર તાલુકાના–૦૬ સ્ત્રીના, ૦૨ પુરૂષના, લુણાવાડા તાલુકાના–૦૩ સ્ત્રીના અને ૦૬ પુરૂષના, સંતરામપુર તાલુકાના–૦૦ સ્ત્રીના, ૦૪ પુરૂષના અને વિરપુર તાલુકાના–૦૦ સ્ત્રીના, ૦૩ પુરૂષના કોરોના રીપોર્ટ




પોઝીટીવ આવ્યા છે.

આમ, જિલ્લામાં કોરોનાના અત્યાર સુધીમાં એટલે કે તારીખ ૨૬–૦૫–૨૦૨૧ના સાંજના ૫–૦૦ વાગ્યા સુધીમાં ૭૩૦૩ કેસ પોઝીટીવ નોધાયા છે. આજે જિલ્લામાં સારવાર લઇ રહેલા દર્દીઓ પૈકી બાલાસિનોર તાલુકાની–૦૬ સ્ત્રી, ૦૬ પુરૂષ, કડાણા તાલુકાની–૦૦ સ્ત્રી, ૦૪ પુરૂષ, ખાનપુર તાલુકાની–૦૨ સ્ત્રી, ૦૩ પુરૂષ, લુણાવાડા તાલુકાની–૧૫ સ્ત્રી, ૧૫ પુરૂષ, સંતરામપુર તાલુકાની–૦૯ સ્ત્રી, ૧૧ પુરૂષ અને વિરપુર તાલુકાની ૦૨ સ્ત્રી અને ૦૩ પુરૂષ દર્દીઓએ કોરોનાને મ્હાત આપતાં તેમને રજા આપવામાં આવી છે. આમ, જિલ્લામાં અત્યાર સુધીમાં કુલ ૬૬૫૯ દર્દીઓ સ્વસ્થ થઇને સ્વગૃહે પરત ફર્યા છે.

જિલ્લામાં કોરોનાના સંક્રમણને કારણે ૨૨ વ્યક્તિનું મૃત્યુ થયા છે. જયારે અન્ય કારણથી ૫૧ દર્દીનુ મૃત્યુ થતાં જિલ્લામાં કુલ ૭૩ મૃત્યુ નોંધાવા પામ્યા છે. અત્યાર સુધીમાં જિલ્લામાં સીઝનલફલુ/ કોરોનાના કુલ ૨૩૭૩૧૫ રીપોર્ટ નેગેટીવ આવ્યા છે. તેમજ જિલ્લાના ૫૭૮ વ્યક્તિઓને હોમ ક્વોરોન્ટાઇલ હેઠળ રાખવામાં આવ્યા હોવાનું મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીએ જણાવ્યું છે. મહીસાગર જિલ્લામાં કોરોના પોઝીટીવના કારણે ૧૫ દર્દી ડીસ્ટ્રીકટ હોસ્પિટલ, લુણાવાડા ખાતે, ૨૨૮ દર્દી હોમઆઇસોલેશનમાં, ૩૬ દર્દી એસ.ડી.એસ. સંતરામપુર ખાતે, ૫૫ દર્દી અન્ય જિલ્લા ખાતે અને ૨૩૭ દર્દી પ્રાઇવેટ હોસ્પિટલ, મહીસાગર ખાતે સારવાર હેઠળ છે. કોરોના પોઝીટીવ આવેલ દર્દીઓ પૈકી ૪૬૭ દર્દીઓ સ્ટેબલ, ૯૮ દર્દીઓ ઓક્સિજન પર અને ૦૬ દર્દીઓ વેન્ટીલેટર પર છે.

### મહીસાગરમાં આજે કોરોનાના કેસની સંખ્યા

| |
|---|
| બાલાસીનોર-૦૫ |
| કડાણા-૦૧ |
| ખાનપુર-૦૮ |
| લુણાવાડા-૦૯ |
| સંતરામપુર-૦૪ |
| વિરપુર-૦૩ |

# લુણાવાડા શહેરમાં દરકોલી થી પટ્ટણ જતા રોડ ઉપર ગંદાપાણીની ગટરો ઉભરાતા સ્થાનિક રહિશો ભારે પરેશાન

લુણાવાડા,
ગુજરાત સરકાર દ્વારા બનાવવામાં આવેલી ગંદા પાણીના નિકાલ માટેની ભૂગર્ભ ગટર યોજના ફારસરૂપ સાબિત થવા પામી છે. જુઓ ત્યાં ભૂગર્ભ ગટર બનાવ્યા પછી નગરમાંથી ગંદા પાણીના નિકાલ માટેની સમસ્યાઓ દિન–પ્રતિદિન વધી જવા પામી છે. આ પાણીના નિકાલનું કોઈ પાસે પરિપૂર્ણ થતો નથી જેને લઇને સ્થાનિક રહીશો રાહદારીઓ પારાવાર મુશ્કેલી વેઠી રહ્યા છે.

આવો જ એક કિસ્સો લુણાવાડા નગરમાં આવેલા દરકોલી થી જવાના માર્ગ ઉપર આશરે ૧૦ હજારથી ઉપર ગરીબી રેખા હેઠળ જીવતા લોકો રહી રહ્યા છે. વસવાટ કરી રહ્યા છે. સમગ્ર લુણાવાડા નગરનું ગંદુ પાણી આ પટ્ટણ રોડ ઉપર કોઈપણ જાતના નિકાલ કર્યા વગર અથવા ગટર


તસ્વીર : કિરન પટેલ, લુણાવાડા

વ્યવસ્થાની પાકી વ્યવસ્થા કર્યા વગર આ ગંદુ પાણી જાહેર માર્ગ ઉપર વેરાય છે. જેને લઈને મચ્છરનો ઉપદ્રવ પણ વધી ગયો છે. બીમારીનું પ્રમાણ પણ ગંદકીના કારણે વધી રહ્યું છે અને આ ગંદુ પાણી ભરાવાને કારણે ગટર ઉભરાતા રોડ ઉપર વહી જતા પાણીને કારણે જે કાદવ–કીચડ થાય છે. તેને લીધે રાહદારીઓ વાહનચાલકો અને મોટી ઉંમરના લોકો કાદવ–કિચડને કારણે લપસી પડવાના અને વાગવાના બનાવો અવારનવાર બની રહ્યા છે.

આ બાબતે સ્થાનિક રહીશો દ્વારા નગરપાલિકા પ્રમુખ ધારાસભ્યને લેખિત મૌખિક જાણ કરવા છતાં પણ આ સમસ્યાનું નિરાકરણ મદય સુધી કરવામાં આવ્યો નથી. લોકો દ્વારા ધારાસભ્યોને રજૂઆત કરવા છતાં પહેલા એવું કહેવામાં આવ્યું કે, તમે કોંગ્રેસના ધારાસભ્યોને રજૂઆત કરો કોંગ્રેસ વાળા કહે કે તમે ભાજપવાળાને રજૂઆત કરો આવી રીતે સ્થાનિક રહીશોને બાચ બાચ ચાચણી કરીને ફેરવવામાં આવી રહ્યા હોવાનું લોકો પોતાના મુખે જણાવી રહ્યાં છે.

## જહાંગીરપુરા જીન મિલ ખાતે ખેડૂતોએ કાળા ઝંડા ફરકાવી પ્રદર્શન કર્યું

સુરત,
કૃષિ બિલના વિરોધમાં ચાલી રહેલા ખેડૂત આંદોલનને આજે ર૬મી મેના રોજ ૬ મહિના પૂરા થયા છે, તેના ભાગરૂપે સંયુક્ત કિસાન મોરચાએ દેશભરમાં કાળો દિવસ મનાવવા આપવામાં આવેલા એલાનને આઇટુક સહિત ૨૧ ટ્રેડ યુનિયનો ટેકો જાહેર કર્યો છે. આ સંદર્ભે આજે સુરત જિલ્લાના ખેડૂત અગ્રણીઓ તથા ખેડૂતો દ્વારા સુરત શહેરના જહાંગીરપુરા આવેલી જીન મિલ ખાતે કાળા ઝંડા ફરકાવી વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ખેડૂત આગેવાન દર્શન નાયક પણ ઉપસ્થિત રહ્યા હતા.

ઓલ ઈન્ડિયા ટ્રેડ યુનિયન કોંગ્રેસની રાષ્ટ્રીય પરિષદના સભ્ય અને ગુજરાત આઇટુકના ઉપપ્રમુખ વિજય શેણમારેએ જણાવ્યું હતું કે, છેલ્લા છ મહિનાથી ખેડૂત વિરોધી કાળા કાયદાઓ રદ કરવા માટે ખેડૂતો



આંદોલન કરી રહ્યા છે. એમએસપી ગેરંટીની માંગ સાથે દિલ્હીની બોર્ડ પર આંદોલન ચલાવી રહ્યા છે.

સંયુક્ત કિસાન મોરચાએ આજરોજ કાળો દિવસ મનાવવા જાહેરાત કરી છે. જેને ૧૧ સેન્ટ્રલ ટ્રેડ યુનિયન અને વિપક્ષના ૧૦ રાજકીય પક્ષોએ ટેકો જાહેર કર્યો હતો. આ સંગઠનો કેન્દ્ર સરકારને કોરોના અને લોકડાઉનથી બેરોજગાર બનેલા પરિવારોને ૬ મહિના સુધી વિના મૂલ્યે રાશન આપવા અને ૭૫૦૦ રૂપિયાની આર્થિક સહાય કરવા માગ કરી છે. સાથે સાથે ત્રણ કૃષિ બિલ રદ કરવા પણ માગ કરી હતી.

## સંતરામપુરમાં આવેલ તાલુકા પ્રા.શાળામાંથી મધ્યાહન ભોજનના અનાજની ચોરી


તસ્વીર : બશીર પઠાણ, સંતરામપુર

સંતરામપુર,
સંતરામપુરની તાલુકા પ્રાથમિક શાળામાં ૨૪ કટ્ટા અનાજની ચોરી સંતરામપુર નગરમાં આવેલી તાલુકા પ્રાથમિક શાળામાં મદ્યાન ભોજન ખંડમાં બાળકોને આપવા માટેનો અનાજ સરકાર તરફથી આવેલું હતું. જેમાં મદ્યમ ભજન ખંડની અંદર ૧૬ કટ્ટા ઘઉં અને ૦૯ કટ્ટા ચોખા કુલ મળીને ૨૪ કટ્ટા અનાજની ચોરી કરી હતી. તાલુકા પ્રાથમિક શાળાના આચાર્ય પ્રાથમિક શાળાનો દરવાજો ખોલીને કામગીરી કરતા હતા. અચાનક તેમની નજર મદ્યાહન ભોજનના રૂમમાં નજર પડતા દરવાજો ખુલ્લો હતો. તપાસ દરમિયાન અંદર રૂમની અંદરથી અનાજની ચોરી થઈ હતી. અગાઉ પ્રાથમિક શાળામાં સિન્ટેક્સ ટાંકી પણ ચોરાઈ હતી. અવારનવાર આ પ્રાથમિક શાળામાં ચોરીના બનાવો વધતા જાય છે. આ પ્રાથમિક શાળાના કમ્પાઉન્ડન હોલમાં પ્રવેશ કરીને અનાજના કટ્ટાઓ ચોરાઈ ગયા હતા. તપાસ દરમિયાનમાં મદ્યાહન ભોજન ખંડમાં અનાજના કટ્ટા ગાયબ થઈ ગયા હતા. પ્રાથમિક શાળાના આચાર્ય શાંતિલાલ.કે. સહાની એ પોલીસ સ્ટેશનમાં લેખિતમાં ફરિયાદ આપી હતી.

# શહેરાના નવાગામ ઘરોલામાં આંબાવાડીમાં સંતાડી રાખેલ દારૂનો જથ્થો ઝડપ્યો

શહેરા,
શહેરા પોલીસ મથક ખાતે દારૂનો ધંધો કરતા બે સગા ભાઈઓ સામેફરિયાદ નોંધાઇ છે. નવાગામ ઘરોલાનાપટેલ ફળિયામાં આવેલા આબાવાડીની અંદર મકાઈના પુળામાં છુપાવી રાખેલ રૂપિયા ૧૧,૧૮૦ના વિદેશી દારૂના જથ્થાને પોલીસે પકડી પાડ્યો હતો. પોલીસની રેડ દરમિયાન એક બૂટલેગર પકડાઈ ગયો, જ્યારે બીજો ચકમો આપી ફરાર થઈ ગયો હતો.

શહેરા તાલુકામાં દારૂનું વેચાણ કરીને યુવાધન અને સમાજને પાયમાલ કરનારા બુટલેગરો સામે પોલીસે "દેર આયે દરુતુર આયે" તે કહેવત સાર્થક થઈ રહી હોય તે મુજબ કાર્યવાહી શરૂ કરી છે. પોલીસની ટીમને પેટ્રોલીંગ દરમિયાન ખાનગી રાહે બાતમી મળી હતી કે, નવા ગામ ઘરોલા ખાતે પટેલ ફળિયામાં રહેતા આરતભાઈ પર્વતભાઈ પટેલ તથા નરવતભાઈ પર્વતભાઈ પટેલ બન્ને સગાભાઈઓ વિદેશી દારૂ વેચવાનો ધંધો કરે છે. જેને લઈને મળેલ માહિતીના આધારે પોલીસે બુટલેગર આરતપટેલઅને નરવત પટેલને સાથે રાખીને તેના ઘરની પાસે આવેલ આબાવાડીમાં તપાસ કરતા મકાઈના પુળાની નીચે સંતાડી રાખેલ વિવિધ બ્રાન્ડની દારૂની બોટલો મળી આવી હતી. જ્યારે નરવત પટેલ પોલીસને ચકમો આપીને ત્યાંથી ભાગી જવામાં સફળ રહયો હતો. પોલીસે બુટલેગર આરત પટેલને દારૂના જથ્થા સાથે પોલીસ મથક ખાતે લાવીને દારૂનો જથ્થો ક્યાંથી લાવ્યો તેની પૂછપરછ શરૂ કરી હતી. પોલીસે૧૧,૧૮૦ના કિંમતનો વિદેશી દારૂ અને બિયરના જથ્થા સાથે દારૂનું વેચાણ કરનાર બે સગા ભાઈઓ સામે પ્રોહીબીશનની કલમો હેઠળ ગુનો નોંધીને કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી.

## ગોધરાના ગોઠડા રેફરલ હોસ્પિટલમાં વૈષ્ણવ સમાજ દ્વારા ઓકિસજન પ્લાન્ટ કાર્યરત



ગોધરા,
ગોધરા તાલુકા ના ગોઠડા (ટીંબા રોડ) રેફરલ હોસ્પિટલ અને સામૂહિક આરોગ્ય કેન્દ્ર ખાતે પુષ્ટિ માર્ગીય વૈષ્ણવ સમાજ કેનેડા (પી.એમ. એન. એસ) કેનેડા દ્વારા વીસ લાખ રૂપિયાના ખર્ચે ઑકિસજન પ્લાન્ટ કાર્યરત કરવામાં આવ્યો હતો. વૈષ્ણવાચાર્ય વ્રજરાજ કુમારજીના હસ્તે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે જિલ્લા કલેકટર જિલ્લા વિકાસ અધિકારી, પ્રાંત અધિકારી, શહેરાના ધારાસભ્ય જેઠાભાઈ ભરવાડ, ગોધરાના ધારાસભ્ય સી.કે.રાઉલજી, જિલ્લા પંચાયત પ્રમુખ કામિનીબેન સોલંકી સહિત વૈષ્ણવ સંપ્રદાયના અગ્રણી ઉપસ્થિત રહ્યા હતા. ગોઠડા (ટીંબા રોડ) ખાતે ઑકિસજન પ્લાન્ટ કાર્યરત થતા આસપાસના દર્દીઓને તાત્કાલિક સારવાર માટે લાભ મળશે.

## MS યુનિ.માં માસ પ્રમોશનનો નિર્ણય રદ કરવા સાથે વિદ્યાર્થી સંગઠન AGSUએ ધરણાં કર્યા

વડોદરા,
મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીના એજીએસયુ વિદ્યાર્થી સંગઠન દ્વારા માસ પ્રમોશનના વિરોધમાં યુનિવર્સિટી હેડ ઓફિસ ખાતે ધરણાં કર્યા હતા અને સૂત્રોચ્ચારો કરીને વિરોધ વ્યક્ત કરવામા કર્યો હતો. વિદ્યાર્થી સંગઠને માસ પ્રમોશનનો નિર્ણય રદ કરીને ઓનલાઇન પરીક્ષા લેવાની માગણી કરી હતી. કોરોનાની મહામારીના પગલે સરકાર દ્વારા ધોરણ ૧થી ૧૦ અને ૧૧ તેમજ યુનિવર્સિટીમાં વિવિધ કેટેગરીમાં માસ પ્રમોશન જાહેર કરવામાં આવ્યું છે. મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીમાં પણ માસ પ્રમોશન જાહેર કરવામાં આવ્યુ છે. એમ.એસ. યુનિવર્સિટીના વિદ્યાર્થી સંગઠન દ્વારા માસ પ્રમોશનનો નિર્ણય રદ કરવાની માગ સાથે આજે યુનિવર્સિટીની હેડ ઓફિસ ખાતે ધરણા કર્યા હતા અને માસ પ્રમોશન રદ કરવાની ઉગ્ર માગણી કરવામાં આવી હતી. વિદ્યાર્થી સંગઠનો દ્વારા ઓનલાઇન પરીક્ષા લેવા માટેની માગ પણ કરવામાં આવી હતી.

ઉલ્લેખનીય છે કે, બે દિવસ પૂર્વે યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ દ્વારા માસ પ્રમોશનના કારણે વિદ્યાર્થીઓનું ભાવિ અંધકારમય બની જશે અને વિદ્યાર્થીઓને શાકભાજી વેચવાનો વખત આવશે.

## વડોદરામાં ત્રણ વર્ષ પહેલાં લાંચ લેતા પકડાયેલ અધિકારીને ફરજ પર મૂકાતા વિવાદ



વડોદરા,
ત્રણ વર્ષ અગાઉ ઝાડ કાપવા અને રોપવાના કોન્ટ્રાક્ટ મામલે લાંચ લેતા એસીબીના છટકામાં રંગેહાથ ઝડપાયેલા અધિકારીને કોર્ટના હુકમ વગર પાલિકામાં પુનઃ ફરજ પર મૂકાતા પાલિકાના અધિકારીઓની મિલીભગતી સામે આવી છે. ફરિયાદીએ લાંચનો ભોગ બનેલા અધિકારીની નિમણૂંક રદ કરવા મેયરને રજૂઆત કરી હતી. વડોદરા શહેરના ન્યૂ વીઆઇપી રોડ પર આવેલા ખોડિયારનગર પાસેના વૈકુંઠ-૨માં રહેતા સુધીર લીંબચીયા જેઓ છેલ્લા ઘણા સમયથી ગાર્ડન સુપરવાઇઝર તરીકે પાર્કસ એન્ડ ગાર્ડન વિભાગમાં વર્ગ-૨ના અધિકારી તરીકે હોદ્દો ભોગવતા હતા. ત્રણ વર્ષ અગાઉ ઈસ્કોન જનમહલ નામની કંપની સાથે ઝાડ કાપવા અને ટ્રાન્સપ્લાન્ટેશનનો કોન્ટ્રાક્ટ આપવા માટે એક વ્યક્તિ પાસે ૪૦ હજાર રૂપિયાની માગણી કરી હતી. જેમા લાંચિયા સુધીર લીંબચીયાએ પ્રથમ હપ્તો રૂ. ૧૧ હજારનો લીધા બાદ બાકીના રૂપિયાની માંગણી કરતો હતો. જેથી લાંચીયા સરકારી બાબુના ત્રાસથી કંટાળી આખરે એક જાગૃત નાગરિકે વડોદરા લાંચ રૂશવત વિરોધી શાખાનો સંપર્ક કર્યો હતો.

દરમિયાન એસીબીએ છટકુ ગોઠવી વડોદરા મહાનગરપાલિકાના પાર્કસ એન્ડ ગાર્ડન વિભાગના વર્ગ-૨ના અધિકારી સુધીર લીંબચીયાને રૂ. ૨૯ હજારની લાંચ લેતા રંગે હાથ ઝડપી પાડ્યો હતો અને એસીબીએ લાંચીયા અધિકારી પાસેથી લાંચની રૂ. ૨૯ હજારની રોકડ રકમ રિકવર કરી હતી. જે અંગેનો કેસ હજુ અદાલતમાં પેન્ડિંગ છે. તેવામાં મળતિયાઓ દ્વારા સુધીર લીંબાચીયાને લાલબાગ ગાર્ડન ખાતે સુપરવાઇઝર તરીકે પુનઃ ફરજ પર મૂકાતા ભારે વિવાદ થયો છે.

## ભારતમાં કોરોના પોઝિટિવિટી રેટ ઘટીને ૯.૪૨% થયો

# દેશમાં ૨૪ કલાકમાં ૨.૦૮ લાખ કોરોના કેસ, ૪૧૫૭ દર્દીઓનાં થયાં મોત

ન્યુ દિલ્હી,
ભારતમાં કોરોનાના નવા કેસ બે લાખની અંદર પહોંચ્યા બાદ આજે તેમાં સામાન્ય વધારો થયા બાદ આંકડો ૨ લાખને પાર થયો છે. જોકે, એક સમયે કોરોનાના કેસ જે પ્રમાણે ૪ લાખને પાર ગયા હતા તેમાં ઝડપથી મોટો ઘટાડો નોંધાયો છે. જોકે, હજુ પણ મૃત્યુઆંકની ગતિ એક્સપર્ટથી લઈને અને સામાન્ય નાગરિકો માટે ચિંતાનું કારણ બન્યો છે. ભારતમાં કોરોનાના કેસમાં ઘટાડો થવાની સાથે પોઝિટિવિટી રેટ ઘટીને ૯.૪૨ પર પહોંચ્યો હોવાનું કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલય દ્વારા જણાવવામાં આવ્યું છે.

કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલયના જણાવ્યા પ્રમાણે



દેશમાં ૨૪ કલાકમાં કોરોના વાયરસના વધુ નવા ૨,૦૮,૯૨૧ કેસ નોંધાયા છે, જ્યારે ૪,૧૫૭ લોકોના વાયરસના કારણે મોત થઈ ગયા છે.

ભારતમાં કોરોનાના નવા કેસમાં ઘટાડો થતા અને સાજા થનારા દર્દીઓની સંખ્યા મોટી હોવાથી એક્ટિવ કેસની સંખ્યા ઘટીને ૨૪,૯૫,૫૯૧ સાથે ૨૫ લાખની અંદર આવી ગઈ છે. ભારતમાં પાછલા ૨૪ કલાકમાં ૨,૯૫,૯૫૫ દર્દીઓ કોરોનાને હરાવીને સાજા થયા છે.

ભારતમાં ૨૪ કલાકમાં નોંધાયા ૨.૮ લાખ કેસ સાથે કોરોનાના કુલ કેસની સંખ્યા ૨,૭૧,૫૭,૭૯૫ થઈ ગઈ છે. જયારે ૩ લાખ જેટલા દર્દીઓ સાજા થતા કુલ સાજા થયેલા દર્દીઓની સંખ્યા ૨,૪૩,૫૦,૮૧૬ થઈ ગઈ છે. નવા કેસમાં ઘટાડો થયો છે પરંતુ સતત દૈનિક મૃત્યુઆંક ૪૦૦૦ની આસપાસ રહેતા હોવાથી કુલ મૃત્યુઆંક ૩,૧૧,૩૮૮ થઈ ગયા છે.

ભારતે એક જ દિવસમાં કોરોનાના દર્દીઓની તપાસ માટે ૨૨.૧૭ લાખ નવા ટેસ્ટિંગ કરીને નવો રેકોર્ડ બનાવ્યો છે. આઇસીએમઆર મુજબ ૨૪ કલાકમાં ૨૨,૧૭,૩૨૦ લોકોના કોરોના ટેસ્ટ કરવામાં આવ્યા છે. જયારે અત્યાર સુધીમાં કુલ ૩૩,૪૮,૧૧,૪૯૬ ટેસ્ટ કરવામાં આવ્યા છે.

ભારતમાં ૧૬ જાન્યુઆરીએ શરુ થયેલા કોરોના રસીના અભિયાન બાદ કુલ ૨૦,૦૬,૬૨,૪૫૬ રસીના ડોઝ આપવામાં આવ્યા છે.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૭, શાલિવાહન શક-૧૯૪૨, વીર સંવત-૨૫૪૭, ઈસ્લામીક સંવત-૧૪૪૨, તા.૨૭-૦૫-૨૦૨૧, ગુરૂવાર, વૈશાખ વદ એકમ, સૂર્યોદય-૫-૨૫, સૂર્યાસ્ત-૭-૧૧, જૈન નવકારશી-૮-૧૦, આજની રાશિ : વૃશ્ચિક (ન.ય.), નક્ષત્ર: જ્યેષ્ઠા

સૂર્ય-કુંભ
ચંદ્ર-કર્ક
મંગળ-ધન
બુધ-કુંભ
ગુરૂ-ધન
શુક્ર-મેષ
શનિ-મકર
રાહુ-મિથુન
કેતુ-ધન
હર્ષલ-મેષ
નેપ્ચ્યુન-કુંભ
પ્લુટો-મકર

-શુભ ચોઘડીયા-
અભિજીત ૧૩-૩૯થી ૧૩-૨૪, ૮-૪૬ થી શુભ ૧૦-૧૧ સુધી, ૧૩-૦૧ થી ચલ-લાભ-અમૃત, ૧૭-૧૬ સુધી, ૧૮-૪૨ થી લાભ-૨૦-૧૬ સુધી, ૨૧-૫૧ થી શુભ-અમૃત-૨૫-૦૧ સુધી

- શુભ હોરા-
૮-૧૮ થી ૯-૧૪ સુધી, ૧૧-૦૮થી ૧૩-૫૮ સુધી, ૧૪-૫૫થી ૧૩-૫૧ સુધી ૧૭-૪૫થી ૨૦-૪૮ સુધી

## દૈનિક રાશીફળ

તા.૨૭.૦૫.૨૦૨૧ ગુરૂવાર

મેષ (અ.લ.ઈ.) :- જુના કર્જમાં રાહત થવાની છે. ઉધારી ધંધો ઈચ્છનીય નથી તમારી શકિતઓને ઓળખો પ્રવાસ થાય.
વૃષભ (બ.વ.ઉ.) :- ભાઈ-બહેનોની સગાઈ કે લગ્નનું કાર્ય સફળ થવાનું નોકરીમાં કાર્યભાર રહેવાનો.
મિથુન (ક.છ.ઘ.) :-ભૌતિક સુખ સગવડતાઓ વધવાની છે. વિજાતીય મિત્રતા વધુ ગાઢ બને. પીરવારના સભ્યોની જરૂરીયાતો વધે.
કર્ક (ડ.હ.) :- માનસિક સ્થિતિ સારી રહે. જ રીયાતો વધવાની છે. જુની ઉઘરાણીમાંથી અમુક રકમ હાથમાં આવે.
સિંહ (મ.ટ.) :- વ્યર્થ દલીલબાજી ન કરવી ખર્ચ ઉપર કાબુ રાખવો તમારા સપના સાકાર થતા જોઈ શકશો.
કન્યા (પ.ઠ.ણ.) :- સમસ્યાઓનું નિરાકરણ એકમાત્ર તમારી સબબ મહેનત, કોઈ અંધશ્રધ્ધાને જીવનમાં સ્થાન ન આપતા.
તુલા (ર.ત.) :- દિવસ દરમ્યાન આવક કરતા ખર્ચ ન વધે તેનું ધ્યાન રાખજો નોકરીમાં ચીવટ રાખવી મિત્રોથી આર્થિક મદદ મલવાની.
વૃશ્ચિક (ન.ય.) :- તમારો આત્મવિશ્વાસ વધવાનો નોકરીમાં અનુકુળતા રહે. સાંજ પછીનો સમય વધુ લાભ કરતા રહે.
ધન (ભ.ધ.ફ.ઢ.) :- અટકતા કાર્યને વેગ મલવાનો મિત્રો સાથે વ્યવસાયનું આયોજન થાય શેર સટ્ટાથી દૂર રહેજો.
મકર (ખ.જ.) :- નિર્ણયો બાબત સતર્કતા કેળવજો નવી યોજનામાં કોઈની સલાહ લેજો પરિવારના સભ્યોને સહકાર દેજો.
કુંભ (ગ.શ.સ.) :- માનસિક ટેન્શન દૂર થાય જુના મિત્રોની મુલાકાત લાભદાયક રહે. આવકનું પ્રમાણ વધવાનું.
મીન (દ.ચ.ઝ.) :- નોકીરમાં મનગમતી જગ્યા મેળવશો નવી ઓફર આવે સંતાનોની પ્રગતિ માટે શુભ દિવસ રહેવાનો.

દાહોદ આવૃત્તિ
દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર
પંચમહાલ સમાચાર

# દાહોદ જીલ્લામાં આજરોજ ૧૭ કોરોના કેસ નોંધાયા



| દાહોદમાં કોરોનાના કેસની સંખ્યા |
|---|
| : અર્બન વિસ્તારો : |
| દાહોદ-03 |
| દે.બારીઆ-03 |
| : ગ્રામ્ય વિસ્તારોમાં : |
| દાહોદ-03 |
| ઝાલોદ-૦૫ |
| લીમખેડા-૦૧ |
| સીંગવડ-૦૧ |
| ફતેપુરા-૦૧ |

દાહોદ,

દાહોદ જિલ્લામાં આજે ૧૭ કોરોના પોઝીટીવ કેસો નોંધાયાં છે. આજે વધુ ૦૨ દર્દીઓ કોરોનાથી પોતાના જીવ ગુમાવતાં કોરોનાનો કુલ મૃત્યુઆંક ૩૩૭ને પાર થઈ ગયો છે.

દાહોદ જિલ્લામાં કોરોના કેસોમાં ઘટાડો ચોક્કસપણે નોંધાયો છે, પરંતુ આ બીજી લહેરમાં મૃત્યુઆંક વધ્યો હોવાનું કહેવાઈ રહ્યું છે. દાહોદ જિલ્લામાં પણ પ્રથમ લહેર કરતાં આ બીજી લહેર ખુબજ ઘાતક સાબીત થઈ છે. દાહોદ જિલ્લાના શહેરી વિસ્તાર સાથે સાથે આ વખતે કોરોનાએ ગ્રામીણ વિસ્તારોમાં પણ પગ પેસારો કરતાં ગ્રામીણ વિસ્તારો પણ કોરોના સંક્રમણથી બચી શક્યું નથી અને મૃત્યુદર પણ આ વખતે વધુ નોંધાયો છે. દાહોદ જિલ્લામાં આજે ૧૭ કોરોના પોઝીટીવ કેસો નોંધાયાં છે. આર.ટી.પી.સી.આર.ના ૨૦૨૩ પૈકી ૧૦ અને રેપીટ ટેસ્ટના ૭૮૫ પૈકી ૦૭ મળી ૧૭ કોરોના પોઝીટીવ કેસો સામે આવ્યાં છે. આ ૧૭ પૈકી દાહોદ અર્બનમાંથી ૦૩, દાહોદ ગ્રામ્યમાંથી ૦૩, ઝાલોદ ગ્રામ્યમાંથી ૦૫, દેવગઢ બારીઆ અર્બનમાંથી ૦૩, લીમખેડામાંથી ૦૧, સીંગવડમાંથી ૦૧ અને ફતેપુરામાંથી ૦૧ કેસ સામે આવ્યાં છે. આજે વધુ ૪૧ દર્દીઓ કોરોનાથી સાજા થતાં તેઓને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવ્યાં હતાં. આજે વધુ ૦૨ દર્દીઓના કોરોનાથી મોત નીપજતાં કુલ મૃત્યુંઆંક ૩૩૭ ને પાર થઈ ગયો છે. એક્ટીવ કેસોની વાત કરીએ તો ૨૮૯ લોકો અત્યાર સુધી કોરોનાની સારવાર લઈ રહ્યાં છે. દાહોદ જિલ્લામાં કોરોનાનો કુલ આંકડો ૭૦૫૬ને પાર થઈ ગયો છે.

# દાહોદ જિલ્લાના ફતેપુરામાં આવાસ માટે ફાળવેલી જમીનમાં અનઅધિકૃત રીતે બાંધેલી દુકાનોને ગ્રામ પંચાયતે સીલ કરી

- ફતેપુરા ગ્રામ પંચાયત દ્વારા મકાનના બાંધકામ માટે આપેલ જમીન પર અનઅધિકૃત રીતે દુકાનનું બાંધકામ કરતા દુકાને સીલ કરવામાં આવી.
- ગ્રામ પંચાયત દ્વારા ઘરવિહોણા માટે મકાનના બાંધકામ માટે જમીનની ફાળવણી કરવામાં આવી હતી.

ફતેપુરા,

ફતેપુરા તાલુકાના મુખ્ય મથક ફતેપુરા ગ્રામ પંચાયત દ્વારા ગ્રામ પંચાયત દ્વારા ઘરવિહોણા ઈસમને જમીન મકાનના બાંધકામ માટે આપેલ હતી.આ ઈસમ દ્વારા મકાન બાંધવાના બદલે દુકાનોનું બાંધકામ કરી આ દુકાનો પેટા ભાડે આપતા ગ્રામ પંચાયત દ્વારા તમામ દુકાનો સીલ કરવામાં આવતા ફતેપુરા નગરમાં હડકંપ મચી જવા પામેલ છે. ફતેપુરા નગરના પોલીસ સ્ટેશન રોડ પર ડબગર વાસના નાકાપર આવેલ ગ્રામ પંચાયતની જમીન વર્ષો પહેલા ગ્રામ પંચાયત દ્વારા ઘર વિહોણા ઈસમને મકાનના બાંધકામ માટે જમીનની ફાળવણી કરવામાં આવેલ હતી. પરંતુ ઘર વિહોણા ઈસમ દ્વારા આ જમીન પર મકાનનું બાંધકામ નહીં કરે દુકાનોનું બાંધકામ કરી આ દુકાનો અન્યાય ઈસમોને પેટા ભાડે આપતા ગ્રામ પંચાયત દ્વારા નોટિસ ફટકારી ખુલાસો પુછવામાં આવતા આ ઈસમ દ્વારા કોઈપણ પ્રકારનો નોટિસનો જવાબ નહીં આપી ગ્રામ પંચાયતના કરારનું ઉલંઘન કરતા મકાનના બાંધકામ માટે આપેલ જમીન પર દુકાન નું બાંધકામ કરી અન્ય ઈસમોને દુકાનો પેટા ભાડે આપતા ગ્રામ પંચાયત દ્વારા તમામ દુકાનો સીલ કરી દેવામાં આવતા ફતેપુરા નગરમાં હડકંપ મચી જવા પામેલ છે.

# ગરબાડા કોમ્યુનિટિ હેલ્થ સેન્ટર ખાતે બે ઓક્સિજન કન્સન્ટ્રેટર મશીન સહિત આરોગ્યલક્ષી વસ્તુઓનું દાન



તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

ગરબાડા,

દાહોદના ગરબાડા ખાતેના કોમ્યુનિટી હેલ્થ સેન્ટરને બે ઓક્સિજન કન્સન્ટ્રેટર મશીન, ૧૦૦ નંગ પીપીઈ કીટસ, પાંચ નેબ્યુલાઈઝર અને બે પલ્સ ઓકિસમિટર દાનમાં મળતાં અત્રેના કોમ્યુનિટિ હેલ્થ સેન્ટરની આરોગ્ય સુવિધાઓમાં વધારો થયો છે. આ બધી આરોગ્યલક્ષી વસ્તુઓનું દાન મૂળ ગરબાડાના સાહડા પાંચવાડા ગામના ડો. હિતેશ રાઠોડની કોવીડ દર્દીઓને સહાયરૂપ થવાની પહેલમાં સાથ આપવા માટે તેમના જ પરિચિતો–મિત્રો દ્વારા કરવામાં આવ્યું છે.

ડો. હિતેશ રાઠોડ હાલ વડોદરાની જીએમઈઆરએસ મેડિકલ કોલેજ અને હોસ્પીટલ, વડોદરા ખાતે ફોરેન્સિક વિભાગમાં કોવીડ સેન્ટર ખાતે કામગીરી કરી રહ્યાં છે. તેમણે કોરોના સમયે પોતાના વતન ખાતે કંઈક કરવું જોઈએ એમ નક્કી કર્યું. તેમણે અહીંના કોમ્યુનિટિ હેલ્થ સેન્ટર ખાતે દર્દીઓને ફળફળાદિ અને ચા નાસ્તાની વ્યવસ્થા કરી. તેમની આ પ્રવૃતિ વિશે જાણતા તેમના મિત્ર સૂર્યકાન્ત પટેલે બે ઓક્સિજન કન્સન્ટ્રેટર મશીન આપવાની તૈયારી બતાવી અને રૂ. ૨,૧૨,૮૦૦ ની કિંમતના ૧૦ લીટર કેપેસીટીના બે મશીન આપ્યા. આ મશીન થકી એકસાથે પાચ દર્દીને ઓક્સિજન આપી શકાય છે.

વડોદરાના બાદરભાઇ ગોહિલને ડો. હિતેશની સેવાકીય પ્રવૃતિ વિશે જાણ થતાં તેમણે પણ કોરોના દર્દીઓ માટે આરોગ્યલક્ષી વસ્તુઓ આપવાની વાત કહી. બાદરભાઈએ પાંચ નેબ્યુલાઈઝર અને બે પલ્સઓકિસમિટર આપ્યા. બરોડાની નાયર વેલ્ફેર એસોસિએશન પણ ડો. હિતેશની પહેલમાં આગળ આવ્યું અને રૂ. ૨૨ હજારની કિંમતના ૧૦૦ નંગ પીપીઈ કીટસ દાનમાં આપ્યા.

ગરબાડા કોમ્યુનિટિ હેલ્થ સેન્ટર ખાતે ડો. હિતેશ તેમજ સૂર્યકાન્ત પટેલે આ આરોગ્યલક્ષી વસ્તુઓ મામલતદાર કુલદીપ દેસાઈને, ડો. આર.કે. મહેતા સહિતના આરોગ્યકર્મીઓની ઉપસ્થિતિમાં સુપરત કરી હતી.

ડો. હિતેશ મેડીકલ કેમ્પ સહિતની ઘણી સેવાકીય પ્રવૃતિઓ કરે છે. પોતાના વતનમાં કોરોનાકાળમાં કંઈક સહાયરૂપ થવા તેમણે નાનકડી પહેલ કરી હતી અને તેમનાથી પ્રેરિત થઇને ઘણાં લોકો જોડાયા હતા અને ગરબાડા કોમ્યુનિટિ હેલ્થ સેન્ટર ખાતેની આરોગ્ય સુવિધાઓમાં વધારો થયો છે.

# લીમખેડાના ઢઢેલા ગામેથી ૧.૬૩ લાખનો દારૂ ઝડપ્યો

લીમખેડા,

લીમખેડા તાલુકાના ઢઢેલા ગામેથી એક રહેણાંક મકાનમાંથી પોલીસે કુલ રૂા.૧,૬૭,૭૯૦નો પ્રોહી જથ્થો કબજે કર્યાનું જ્યારે પોલીસને જોઈ મકાન માલિક નાસી જવામાં સફળ રહ્યાનું જાણવા મળે છે.

ઢઢેલા ગામે રાવત ફળિયામાં રહેતો પર્વતભાઈ સરતનભાઈ રાવતના ઘરમાં વિદેશી દારૂનો જથ્થો હોવાની પોલીસને બાતમી મળતાં પોલીસે ગત તા.૨૫મી મેના રોજ તેના ઘરમાં ઓચિંતી પ્રોહી રેડ કરતાં પોલીસને જોઈ પર્વતભાઈ નાસી જવામાં સફળ રહ્યો હતો. પોલીસે તેના મકાનની તલાસી લેતાં તેમાંથી વિદેશી દારૂની નાની મોટી બોટલો નંગ.૧૫૮૮ જેની કુલ કિંમત રૂા.૧,૬૭,૭૯૦ના પ્રોહી જથ્થા સાથે પર્વતભાઈ સરતનભાઈ રાવત વિરૂધ્ધ લીમખેડા પોલીસે પ્રોહીનો ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

# દાહોદ પડાવની સગીરાનું અપહરણ કરી દુષ્કર્મ આચરતાં ફરિયાદ

દાહોદ,

દાહોદ શહેરના પડાવ વિસ્તારમાંથી એક ૧૬ વર્ષીય સગીરાનું અપહરણ કરી લઈ જઈ એક યુવક દ્વારા તેણીની મરજી વિરૂધ્ધ બળાત્કાર ગુજારતાં આ સંબંધે પોલીસમાં ફરિયાદ નોંધાવા પામી છે.

દાહોદ તાલુકાના રાબડાળ ગામે રહેતો ઉમેશભાઈ કનુભાઈ મેડાએ ગતરોજ દાહોદ તાલુકામાં રહેતી એક ૧૬ વર્ષીય સગીરાને પડાવ બજારમાંથી અપહરણ કરી લઈ નાસી ગયો હતો. અપહરણ કર્યા બાદ ઉમેશભાઈએ ૧૬ વર્ષીય સગીરા ઉપર તેણીની મરજી વિરૂધ્ધ બળાત્કાર ગુજાર્યો હતો. આ બાદ સગીરા પોતાના પરિવારજનો પાસેથી પરિવારને આ બાબતની જાણ કરતાં પરિવારજનોના પગ તળેથી જમીન સરકી ગઈ હતી. આ સંબંધે સગીરાના વાલી વારસ દ્વારા પોલીસમાં ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

# દાહોદ ગાયત્રી પરિવાર દ્વારા યજ્ઞયાત્રાનું આયોજન કર્યું

દાહોદ,

દાહોદ નગરપાલિકા, આર.એસ.એસ. અને વિશ્વ હિન્દુ પરિષદ, દાહોના સંયુક્ત ઉપક્રમે અને ગાયત્રી પરિવારની આગેવાનીમાં આજરોજ તારીખ ૨૬મી મેના રોજ કોરોના સંક્રમણને રોકવા અને વાતાવરણમાં શુધ્ધિકરણ કરવા માટે યજ્ઞયાત્રાનું આયોજન કરવામાં આવેલ છે. આ યાત્રા દાહોદ શહેરના વિવિધ વિસ્તારોમાં ફરનાર છે.

આજરોજ તારીખ ૨૬.૦૫.૨૦૨૧ના રોજ સાંજના ૦૪ કલાકે યજ્ઞયાત્રક્ષા દાહોદ શહેરના અલગ અલગ ૧૫ ઝોનમાં એકસાથે નીકળનાર છે જેમાં પરેલ સાત રસ્તા, ગોધરા રોડ સુદાઈમાતા મંદિર, દેસાઈવાડ ચોક, એમ.જી.રોડ ગણેશ મંદિર, પડાવ ચોક, સહકાર નગર મહાદેવ મંદિર, સીમંધર મંદિર પ્રસારણ નગર, લક્ષ્મી નગર રળીયાતી, જલારામા મંદિર, ગોવિંદ નગર ચોક, પંકજ સોસાયટી, સુખદેવ કાકાવાસ, ગોદીરોડ અગ્રસેન ભવન, સિધ્ધાર્થ નર્સરી મહાવીર નગર, ઠક્કર ફળિયા, સ્ટેશન રોડ શીતળા માતા મંદિર વિગેરે વિસ્તારોમાં આ યજ્ઞયાત્રા ફરનાર છે. આ યજ્ઞ યાત્રાનો મુખ્ય ઉદ્દેશ્ય હાલ કોરોના મહામારીના સમયમાં કોરોના સંક્રમણને રોકવા, વાતાવરણાં અને પર્યાવરણમાં શુધ્ધિકરણ માટે ગાયત્રી પરિવારની આગેવાનીમાં આ યજ્ઞ યાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે.

# જામનગરમાં મ્યૂકરમાઈકોસિસ ખતરનાક સ્તરે: ૧૧૬ દર્દીઓ સારવાર હેઠળ



ગાંધીનગર,

જામનગરમાં કોરોના વાયરસના કેસો ઘટી રહ્યા છે. તેવામાં વધુ એક બીમારીએ આફત સર્જી છે. આ બીમારીનું નામ મ્યુકરમાઈકોસિસ છે. કોરોનાના લક્ષણો વચ્ચે દર્દીઓમાં મ્યુકરમાઈકોસિસના લક્ષણો પણ દેખાઈ રહ્યા છે. ત્યારે જામનગરમાં પણ કોરોનાથી સ્વસ્થ થયેલા દર્દીમાં આ ફંગસના લક્ષણો જોવા મળી રહ્યા છે. શહેરની જીજી હોસ્પિટલમાં એક સમયે ૧૫ દર્દીઓથી મ્યુકર માઈક્રોસીસનો વોર્ડ શરૂ કરવામાં આવ્યો હતો આજે આ આંક ૧૧૬ પર પહોંચ્યો છે.

જામનગર સહિત રાજ્યમાં કોરોના કૂણો પડ્યો ત્યાં મ્યુકરમાઈકોસિસે માથું ઊચક્યું છે. કોરોનાના કેસમાં દિવસે-દિવસે ઘટાડો જોવા મળી રહયો છે. તો બીજી તરફ મ્યુકરમાઈક્રોસીસના દર્દીઓની સંખ્યામાં ધીમે ધીમે વધારો થઈ રહ્યો છે. આજે પણ ત્રણેક દર્દીનો વધારો થતા કુલ દાખલ દર્દીની સંખ્યા ૧૧૭ની થવા પામી છે. જી.જી.હોસ્પિટલમાં હાલ મ્યુકર માઈકોસિસના ૧૧૬ દર્દીઓ સારવાર લઈ રહ્યા છે.

જામનગરની જીજી હોસ્પિટલમાં ૧૫ દિવસ પહેલા ૧૪ દર્દીઓ દાખલ હતા, ત્યારે હવે તેની સંખ્યા બે અંકમાંથી વધીને ત્રણ અંક પર પહોંચી ગઈ છે. જી.જી. હોસ્પિટલમાં મ્યુકરમાઈકોસિસના ૧૧૬ દર્દીઓ સારવાર લઈ રહ્યા છે. મ્યુકરમાઈકોસિસની સારવાર ત્રણથી ચાર અઠવાડિયા ઓછામાં ઓછી ચાલે છે. જામનગરમાં હાલ દરરોજ ૬થી વધારે દર્દીઓની સર્જરી પણ કરવામાં આવે છે. અત્યાર સુધી ૨ લોકોના મ્યુકરમાઈકોસિસની સારવાર દરમિયાન મૃત્યુ થયા છે. તો બીજી તરફ ૫ દર્દીઓને ડિસ્ચાર્જ પણ કરવામાં આવ્યા છે.

જી.જી હોસ્પિટલમાં હાલ ત્રણ વોર્ડ કાર્યરત છે. કેસમાં વધારો થતાં નવા વોર્ડ પણ શરૂ કરવામાં આવશે તેમ અધિકારી દ્વારા જણાવવામાં આવ્યું હતું. આ રોગની સારવાર માટેના ઈન્જેક્શન પણ દર્દીઓને વિનામૂલ્યે આપવામાં આવી રહ્યા છે. ગુજરાત સરકાર દ્વારા કરવામાં આવેલ જાહેરાત અનુસાર જામનગર સહિત ૭ મહાનગર પાલિકામાં આવેલ ૮ સરકારી હોસ્પિટલમાંથી પણ હવે મ્યુકરમાઈકોસિસના દર્દીઓની સારવાર માટેના ઈન્જેકશન આપવામાં આવશે. ખાનગી હોસ્પિટલમાં દાખલ દર્દીઓ ડોક્ટરના પ્રિસ્ક્રીપ્શન મુજબ નક્કી કરેલા ભાવ મુજબ ઈન્જેકશન આપવમાં આવશે.

# રાજકોટમાં રશિયાની રોશનફેટ કંપની ૧૦ કરોડના ખર્ચે ઓક્સિન પ્લાન્ટ સ્થાપશે

રાજકોટ,

કોરોનાની ઘાતક બીજી લહેર પુરી થતા હવે કોરોના પોઝિટિવ કેસો અને મૃત્યુઆંકમાં ઘટાડો જોવા મળી રહ્યો છે. આ વર્ષે કોરોનાની ઘાતક બીજી લહેરમાં ઓક્સિજનની અછત મોટી માત્રામાં સામે આવી હતી. જે દૂર કરવા માટે હવે તંત્ર દ્વારા આગમચેતીના ભાગરૂપે ઓક્સિજન પ્લાન્ટની વ્યવસ્થા કરવામાં આવી રહી છે. રશિયાની રોશનફેટ કંપની દ્વારા રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ૧૦ કરોડના ખર્ચે ઓક્સિજન પ્લાન્ટ સ્થાપવા જાહેરાત કરવામાં આવી છે.

આ અંગે રાજકોટ જિલ્લા અધિક કલેક્ટર પરિમલ પંડ્યાએ જણાવ્યું હતું કે, રશિયાની રોશનફેટ કંપની દ્વારા રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ઓક્સિજન પ્લાન્ટ સ્થાપવા જાહેરાત કરવામાં આવી છે. જેની અંદાજીત કિંમત ૧૦ કરોડ આસપાસ છે અને આ પ્લાન્ટ મદદથી દર એક કલાકે ૮૩૨ મેગા ક્યુબ ઓક્સિજનનું ઉત્પાદન કરવામાં આવશે. હાલ રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ૧૦ થી ૧૫ મેટ્રિક ટન ઓક્સિજનની જરૂરિયાત છે જેની સામે પૂરતી વ્યવસ્થા શરૂ કરી દેવામાં આવી રહી છે.

વધુમાં તેમણે જણાવ્યું હતું કે, ઉપલેટા, ધોરાજી, જસદણ સહિત ૧૪ જગ્યા પર ડીઆરડીઓની મદદથી ઓક્સિજન પ્લાન્ટ સ્થાપવામાં આવશે. જેથી ગ્રામ્ય વિસ્તારમાં પણ ઓક્સિજન પૂરતી માત્રામાં મળી રહે તો દર્દીને શહેરી વિસ્તાર સુધી સારવાર માટે આવવું ન પડે. ઉલ્લેખનીય છે કે, રાજકોટમાં કેટલીક સેવાભાવી સંસ્થા દ્વારા ઓક્સિજન પ્લાન્ટ આપવામાં આવી રહ્યાં છે. ફર્ઝી દ્વારા ૩ પ્લાન્ટ આપવામાં આવ્યા છે. જે પૈકી ૧ ચિલ્ડ્રન હોસ્પિટલમાં અને ૨ કેન્સર હોસ્પિટલમાં આપવામાં આવ્યા છે. જ્યારે કે ઓટોમેટિક માસ્ક બનાવતી પેલીકન કંપની દ્વારા ફોરેનની હાઈટેક કંપની પેટર્નથી ૩ પ્લાન્ટ તૈયાર કરવામાં આવ્યા છે જે તંત્ર ને આપવા માટે પેલીકન કંપની દ્વારા જિલ્લા કલેકટર સાથે વાતચીત કરવામાં આવી રહી છે.

બુદ્ધ પૂર્ણિમાના અવસર પર વેસાક વૈશ્વિક સમારંભને વડાપ્રધાને સંબોધિત કર્યું

# માનવતા પર સૌથી મોટો ખતરો છે કોરોના, વેક્સિન સૌથી પ્રમુખ હથિયાર: મોદી



ન્યુ દિલ્હી,

પીએમ નરેન્દ્ર મોદીએ આજે બુદ્ધ પૂર્ણિમાના અવસર પર વેસાક વૈશ્વિક સમારંભને વિડીયો કૉન્ફરન્સના માધ્યમથી સંબોધિત કર્યો. કોરોનાનો ઉલ્લેખ કરતા પીએમ મોદીએ કહ્યું કે, કોરોનાના કારણે આખી દુનિયા સંકટમાં છે. ભારત સહિત દુનિયાના અનેક દેશોએ કોરોનાની બીજી લહેરનો સામનો કર્યો છે. કોરોના સંકટ કાળમાં મેડિકલ સ્ટાફે જીવ દાવ પર લગાવીને સેવા કરી. પીએમ મોદીએ કહ્યું કે, જે લોકોએ આ દરમિયાન પોતાનાઓને ગુમાવ્યા છે, તેમના પ્રત્યે મારી સંવેદનાઓ છે. કોરોનાએ આખી દુનિયાને બદલીને રાખી દીધી છે.

તેમણે કહ્યું કે, આ લડાઈને આપણે સાથે મળીને જીતવાની છે. પીએમ મોદીએ કહ્યું કે, આપણી પાસે મહામારી સામે લડવાની સારી સમજ છે. આપણે આના પર કાબૂ મેળવવાનો પુરતો પ્રયત્ન કરી રહ્યા છીએ. આ સંકટના સમયે આપણા ડૉક્ટર્સ, ફ્રન્ટલાઈ વર્કર્સે પોતાનો જીવ જોખમમાં મુકીને લોકોને બચાવી રહ્યા છે. તેમણે કહ્યું કે, આપણા વૈજ્ઞાનિકો પર પણ ગર્વ છે, જેમણે એક વર્ષથી પણ ઓછા સમયમાં વેક્સિન બનાવી, જેનાથી આપણે લોકોનો જીવ બચાવવામાં સફળ થઈ શક્યા.

પીએમ મોદીએ આગળ કહ્યું કે, આ મુશ્કેલ સમયમાં બુદ્ધના આદર્શો પર ચાલવું જરૂરી છે. કોરોનાની વિરુદ્ધ યુદ્ધમાં આપણને બૌદ્ધ સંસ્થાઓ તરફથી સહયોગ મળી રહ્યો છે. ઉલ્લેખનીય છે કે આ આયોજન ભારત સરકારનું સંસ્કૃતિ મંત્રાલય આંતરરાષ્ટ્રીય બૌદ્ધ પરિસંઘના સહયોગથી કરે છે. આમાં દુનિયાભરના બૌદ્ધ સંઘોના સર્વોચ્ચ પ્રમુખ સામેલ થાય છે. પીએમઓ પ્રમાણે આ સમારંભને ૫૦થી વધારે પ્રમુખ બૌદ્ધ ધાર્મિક નેતા સંબોધિત કરશે. વેસાક-બુદ્ધ પૂર્ણિમાનને ગૌતમ બુદ્ધના જન્મ, બુદ્ધત્વની પ્રાપ્તિ અને મહા પરિનિર્વાણ દિવસ તરીકે મનાવવામાં આવે છે.

બુદ્ધ પૂર્ણિમા બૌદ્ધ ધર્મ મનાવનારા લોકો માટે સૌથી મોટો પર્વ છે. આ ધર્મને માનનારા મોટાભાગના લોકો ચીન, જાપાન, કોરિયા, થાઈલેન્ડ, કમ્બોડિયા, શ્રીલંકા, નેપાળ, ભૂટાન અને ભારતમાં રહે છે. તેઓ આ દિવસે બોધિ વૃક્ષની પૂજા કરે છે. શ્રીલંકામાં આ દિવસને વેસાકના નામથી મનાવે છે.

**ભારત એવા દેશોમાં સામેલ છે જે પેરિસ એક્ટના નિયમો પૂરા કરવા પ્રયત્ન કરી રહ્યું છે**

# વાપીના PSI એક લાખની લાંચ લેતા રંગે હાથ ઝડપાયા

વાપી,

વલસાડ- વાપી-ચલા પોલીસ સ્ટેશનના સબ-ઈન્સ્પેક્ટર પી.એલ.દાફડા રવિવારના રોજ એક લાખ રુપિયાની રકમ લાંચ તરીકે લેતા ઝડપાયા હતા. આ વાત સામે આવ્યા પછી પોલીસ કર્મચારીઓમાં ખડભડાટ મચી ગયો છે.

ઘટનાની વિગતવાર વાત કરીએ તો, વાપીની એક મેડિકલ એજન્સીમાં કામ કરતા કર્મચારીએ મિત્ર સાથે ભાગીદારીમાં મેડિકલનો હોલસેલનો ધંધો શરૂ કરવાનું નક્કી કર્યું હતું. આ ડીલમાં રૂપિયાની લેવડદેવડમાં ભાગીદાર મિત્ર સામે ફરિયાદ નોંધવાની હતી, જે માટે પીએસઆઈ દાફડાએ લાંચની માંગણી કરી હતી. પીએસઆઈએ મેડિકલ એજન્સીના ભાગીદાર વિરુદ્ધ ફરિયાદ નોંધવા માટે પાંચ લાખની માંગણી કરી હતી અને ચાર લાખ વસૂલ કર્યા હતા.

રવિવારના રોજ પીએસઆઈ એક લાખનો છેલ્લો હપ્તો લઈ રહ્યા હતા, જે લેવા જતાં જ એન્ટી કરપ્શન બ્યૂરોની જાળમાં ફસાઈ ગયા અને રંગે હાથ ઝડપાઈ ગયા. આ સમગ્ર ઓપરેશન વલસાડ-ડાંગના એ.સી.બી. પોલીસ ઈન્સ્પેક્ટર કે.આર. સકસેના અને તેમના કર્મચારીઓએ પાર પાડ્યુ હતું. તેમણે પી.એલ.દાફડા વિરુદ્ધ આગળની કાર્યવાહી શરૂ કરી છે.

આ ઓપરેશનને પાર પાડવા માટે અધિકારી એન.પી.ગોહિલ, મદદનિશ નિયમાક, એ.સી.બી. સુરતનું માર્ગદર્શન મેળવવામાં આવ્યુ હતું. ગુનાહિત પ્રવૃત્તિઓને રોકવા માટે તૈનાત પોલીસ કર્મચારી આ રીતે લાંચ જેવો મોટો ગુનો કરતા પકડાતાં સમગ્ર મામલો ચર્ચાનો વિષય બન્યો છે.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Modini Vadi No-1, Station Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 24, No. 233

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા
પંચમહાલ સમાચાર

## કાલોલ તાલુકા વિકાસ અધિકારી સેજલબેન ના રાજમાં

# વેજલપુર ગ્રામ પંચાયતના તલાટી રમેશ ભોઈની ઘમાચકડી... અનીતિની વાટ પકડી

## વેજલપુર ગ્રામ પંચાયતમાં આવેલ સરકારી યોજનામાં થયેલ ભય વગરનો ભ્રષ્ટાચાર...

પ્રજાના લોક કલ્યાણ કરવાના બદલે ભ્રષ્ટાચાર આચરવામાં અને તેના મળતીયા ગોડફાધર ગણાતા કોન્ટ્રાકટરોનું રક્ષક બનેલો આ મકોડી પહેલવાન તલાટી રમેશ ભોઈ અને મહિલા સરપંચનો પતિ પ્રજા પર રોફ જમાવવામાં જરાપણ પાછા પડતા નથી. લોકમાં થતી ચર્ચાઓ...!

વેજલપુર ગ્રામ પંચાયતના તલાટી રમેશ ભોઈ એ ખુલેઆમ સરકારી તિજોરીને મસમોટા ગાબડા કરીને પોતે અને તેના મળતીયા કોન્ટ્રાકટરોના ઘરની તિજોરીના ગાબડા પુરી રહયા હોવાની પ્રજામાં ચર્ચાઈ રહ્યું છે.

વેજલપુર ગ્રામ પંચાયતના તલાટી રમેશ ભોઈએ પોતાની સત્તાનો દુરઉપયોગ કરી લાખો રૂપીયાની સરકારી યોજનાઓ થકી કામો કાગળ ઉપર બતાવી મસમોટો ભ્રષ્ટાચાર કરી નાખ્યો હોવાની ઉઠી ફરિયાદો... ઉચ્ચ અધિકારીની "તેરી ભી ચૂપ મેરી ભી ચૂપ"ની ભૂમિકા...!

ગુજરાત વિકાસ મોડલનું સુરસુરીયું બોલાવી વિકાસ મોડલને બદનામ કરતો વેજલપુર ગ્રામ પંચાયતનો તલાટી રમેશ ભોઈ...

વિજીલન્સ ખાતું ત્રાટકે તો ઘણીબધી ગોબાચારી ઉઘાડી પડે તેમ છે...

સરકાર દ્વારા થોકબધ્ધ યોજનાઓ અને તેની પાછળ કરોડો રૂપીયાની જોગવાઈ છતાં આવા ભ્રષ્ટરૂપી તલાટીના પાપ લીલાના કારણે લોકો રહ્યા ત્યાં ને ત્યાં જ...

કાલોલ તાલુકા વિકાસ અધિકારીના રહેમનજર હેઠળ વેજલપુર તલાટી રમેશ ભોઈએ ખેલ્યો ખાયકીનો ખેલ...?

પંચમહાલ જીલ્લામાં ખાયકીનો ખેલ ખેલવામાં વેજલપુર ગ્રામ પંચાયતનો તલાટી રમેશ ભોઈ અને મહિલા સરપંચનો પતિ માસ્ટર માઈન્ડ...?

ગ્રામજનો દ્વારા ભ્રષ્ટાચારની ફરિયાદો કરવા છતાં તપાસ કરવામાં ઉચ્ચ અધિકારીઓને રસ કેમ નથી...? કે પછી વહીવટનો ખેલ...??

વેજલપુર ગ્રામ પંચાયતમાં "મીલ બાંટ કે ખાયેંગે"નો ચાલતો ખેલને લગામ લગાવશે કોણ... ? કે પછી ભાગીદાર બનશે... ?

કાલોલ તાલુકા વિકાસ અધિકારીના નરમ વલણને લઈને વેજલપુરના તલાટી રમેશ ભોઈ ભ્રષ્ટાચાર આચરવામાં બન્યો બેફામ...!

વેજલપુર પંચાયતમાં મહિલા સરપંચ હોય તેના સ્થાને વહીવટ તેમના પતિ દ્વારા કરવામાં આવી રહ્યા છે. ત્યારે તમામ કૌભાંડમાં મહિલા સરપંચનો પતિ ભાગીદાર હોવાનો પ્રજાજનોમાં થતી ચર્ચાઓ...

**ગરીબ પ્રજા માટે આવેલ સરકારી યોજનાઓમાં ભ્રષ્ટાચાર આચરી પોતાની કમાણી કરનાર રમેશ ભોઈનો અંત લાવશે કોણ...? કે પછી "અપના કામ બનતા ભાડ મેં જાએ જનતા" કહેવત સાર્થક બનશે.. ?**

કાગળ ઉપર બતાવેલ વિકાસ કામોની યાદી પ્રસિદ્ધ થયા બાદ પંચમહાલ જીલ્લા વિકાસ અધિકારી પોતાનું ખમીર બતાવી નિષ્પક્ષ સ્થળ તપાસ કરશે ખરાં...? કે પછી....

આ કૌભાંડી તલાટી રમેશ ભોઈ અને સરપંચના મળતીયાઓએ કયાં કયાં કામોમાં ગેરરીતિ કરીને સરકારને લાખો રૂપિયાનો ચોપાડ્યો છે ચુનો..... વાંચો વિગતવાર માહિતી ફોટા સાથે ટુંક સમયમાં.....

# ગોધરા ખાતે ૧૦૮ એમ્બ્યુલેન્સ સેવાના ડ્રાઈવર્સની કામગીરીને બિરદાવતા પાઈલોટ ડે ની ઉજવણી

ગોધરા,

૧૦૮ એમ્બ્યુલેન્સ સેવાના ડ્રાઈવર્સ (પાઈલટ)ની કામગીરીને બિરદાવવાના હેતુથી દર વર્ષે ૨૬મી મેનો દિવસ PILOT DAY તરીકે ઉજવવામાં આવે છે. ગોધરાના જિલ્લા સેવાસદન ખાતે આજેપંચમહાલ અને દાહોદ જિલ્લામાં ૧૦૮ એમ્બ્યુલન્સ સેવાના ડ્રાઈવર્સ (પાઈલોટ)ની કામગીરીને બિરદાવવાના હેતુથી પાઈલોટ ડેની ઉજવણી કરવામાં આવી હતી. કોરોના સંક્રમણની સ્થિતિને ધ્યાનમાં લઈને માસ્ક, સોશિયલ ડિસ્ટન્સિંગ સહિતના પગલાઓના ચુસ્ત પાલન સાથે યોજાયેલ આ કાર્યક્રમમાં પાઈલોટ ડેની શુભેચ્છા પાઠવતા જિલ્લા કલેક્ટર અમિત અરોરાએ કાર્યક્રમના અધ્યક્ષસ્થાનેથી જણાવ્યું હતું કે, કોરોના મહામારીના કપરા કાળ દરમિયાન ૧૦૮ સેવાની કામગીરી અત્યંત પ્રશંસનીય રહી છે. કોલ્સ એટેન્ડ કરવા, સંક્રમિત દર્દીઓને સમયસર હોસ્પિટલ લઈ



તસ્વીર : આસીફ ઘંત્યા, ગોધરા

જવા, ઈમરજન્સીમાં સારવાર–ઓક્સિજન પૂરા પાડવા સહિતની કામગીરી તેમણે ખંતપૂર્વક, જવાબદારી પૂર્વક શ્રેષ્ઠ રીતે બજાવી છે. એક એમ્બ્યુલન્સ નહીં પરંતુ હોસ્પિટલ ઓન વ્હીલ્સની જેમ કામગીરી કરી ૧૦૮ સેવાએ કોરોનાના ઘાતક એવા સેન્કડ વેવમાં સંક્રમિતોને હોસ્પિટલ સુધી સ્થિર, સલામત રીતે પહોંચાડવામાં અને એ રીતે અનેક જિંદગીઓને બચાવવામાં મહત્વપૂર્ણ પ્રદાન આપ્યું છે. પ્રોફેશનાલિઝમની સાથે સામાજિક જવાબદારીના સુંદર વહન બદલ સમગ્ર ટીમને અભિનંદન પાઠવતા કલેક્ટરએ વર્ષ દરમિયાન ૧૦૮ કર્મીઓની ઉત્તમ કામગીરીના પોતાને ધ્યાને આવેલ કિસ્સાઓ શેર કરતા આ પ્રકારની કામગીરી યથાવત રાખવા જણાવ્યું હતું. આ સાથે GVK EMRI અંતર્ગત ચાલતી અન્ય સેવાઓ જેવી ખિલખિલાટ, ૧૯૬૨– કરૂણા એમ્બ્યુલન્સ હેલ્પલાઈન, ૧૦૪ હેલ્પલાઈન, ૧૮૧ અભયમ હેલ્પલાઈન, મોબાઈલ પશુ દવાખાના સહિતની સેવાઓની કામગીરીને સુંદર ગણાવતા ગ્રામીણ ક્ષેત્રોમાં આ સેવાઓથી નોંધપાત્ર પરિવર્તન આવ્યું છે તેમ જણાવ્યું હતું. આ પ્રસંગે GVK EMRIના COO જશવંત પ્રજાપતિએ પોતાના સંબોધનમાં આ દિવસની ઉજવણીનું બેકગ્રાઉન્ડ, GVK EMRI અંતર્ગત ચાલતી સેવાઓની કામગીરી, તેમાં આવી રહેલ ફેરફારો–અપડેશન અંગે તેમજ કોરોનાના થર્ડ વેવની સંભવિત સ્થિતિને પહોંચી વળવા લેવાઈ રહેલા પગલાઓ વિશે વિગતવાર માહિતી આપી હતી. એપ્રિલ મહિનામાં પંચમહાલ જિલ્લાની ૧૦૮ એમ્બ્યુલેન્સ દ્વારા કુલ ૨૨૨૬ કેસ હેન્ડલ કરવામાં આવ્યા હતા.

આ પ્રસંગે ઉપસ્થિત મહાનુભાવોના હસ્તેઅગત્યની માહિતી ધરાવતી બે પુસ્તિકાઓ EM CARE અને VET CAREનું વિમોચન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં GVK EMRI અંતર્ગત ચાલતી વિવિધ સેવાઓના કુલ ૧૯ કર્મચારીઓને ઓનેસ્ટી, એક્ઝેમ્પલેરી, કેએમપીએલ ૧૦૮, બેસ્ટ કેસ એવોર્ડ, એમ્બી મોમેન્ટ્સ સહિતના એવોર્ડ્ઝ એનાયત કરી તેમજ વિપરીત સ્થિતિઓમાં તેમણે બજાવેલી કામગીરી વિશે માહિતી આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

કાર્યક્રમમાં જિલ્લા વિકાસ અધિકારી એ.બી. રાઠોડ, ૧૦૮ સેવાના પ્રોજેક્ટ મેનેજર મનવીર ડાંગર સહિત GVK EMRI અંતર્ગત ચાલતી વિવિધ સેવાઓના કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા. ઉલ્લેખનીય છે કે, સંક્રમણની સ્થિતિને ધ્યાનમાં રાખીને સંપૂર્ણ કાર્યક્રમ મર્યાદિત સંખ્યામાં ઉપસ્થિતિ સાથે સાદગીથી યોજાયો હતો.

# પંચમહાલ જિલ્લામાં કોરોનાના નવા કેસોમાં ઘટાડો યથાવત

ગોધરા,

પંચમહાલ જિલ્લામાં આજે કોવિડ–૧૯ સંક્રમણના નવા ૭૪ કેસ મળી આવતા સંક્રમણના કુલ કેસની સંખ્યા ૯૪૩૭ થવા પામી છે. આજે ૭૬ દર્દીઓને સારવાર બાદ હોસ્પિટલમાંથી રજા આપવામાં આવતા હાલની સ્થિતિએ જિલ્લામાં સક્રિય દર્દીઓની સંખ્યા ૭૮૭ થવા પામી છે, જેમની સારવાર હાથ ધરવામાં આવી રહી છે. નવા મળી આવેલા તમામ કેસો પૈકી ગોધરા શહેરમાંથી ૧૬,હાલોલમાંથી ૦૭ કેસ, કાલોલમાંથી ૦૧ કેસ મળી આવ્યા છે. શહેરી વિસ્તારોમાંથી મળી આવેલા કેસોની સંખ્યા ૫૪૭૦ થઈ છે. ગ્રામ્ય વિસ્તારોમાંથી મળી આવેલા કેસો જોઈએ તો ગોધરાના ગ્રામ્યમાંથી ૦૭ કેસ, હાલોલ ગ્રામ્યમાંથી ૦૬ કેસ, કાલોલ ગ્રામ્યમાંથી ૦૫ કેસ, મોરવા હડફ ગ્રામ્યમાંથી ૧૪ કેસ અને શહેરા ગ્રામ્યમાંથી ૦૯ કેસ મળી આવ્યા છે. ગ્રામ્ય વિસ્તારોમાંથી મળી આવતા કેસની સંખ્યા ૩૯૬૭ થવા પામી છે. સારવાર બાદ સાજા થતા આજે કુલ ૭૬ દર્દીઓને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી હતી. આ સાથે હોસ્પિટલમાંથી રજા મેળવનાર દર્દીઓની કુલ સંખ્યા ૮૪૬૪ થવા પામી છે. આજે ૪૫ વર્ષથી ઉપરના કુલ ૧૯૬૨ વ્યક્તિઓને રસી આપવામાં આવી હતી.

**પંચમહાલ જીલ્લાની આજની કોરોના સ્થિતી**

: શહેરી વિસ્તાર :
ગોધરા–૧૬
હાલોલ - ૦૭
કાલોલ - ૦૧

: ગ્રામ્ય વિસ્તાર :
ગોધરા - ૦૭
હાલોલ - ૦૬
કાલોલ - ૦૫
મોરવા(હ) - ૧૪
શહેરા - ૦૯

સક્રિય કેસ - ૭૮૭
રજા અપાઈ - ૭૬
મૃત્યુ આંક - ૦૦



તસ્વીર : કમલ પંચાલ, ગોધરા

અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ ગોધરાના કાર્યકર્તાઓ દ્વારા હારશે કોરોના જીતશે મારું ગામ સૂત્ર સાર્થક કરવા ગ્રામ સંજીવની અભિયાન શરૂ કરવામાં આવ્યું. સાંપા ગામમાં મેડિકલ સ્ક્રીનીંગ કરવામાં આવ્યું. તેમજ વેક્સીનેસન વિશે ગ્રામજનોને સમજાવવામાં આવ્યા. આમ અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ જહા કમ વહા હમનું સૂત્ર સાર્થક કરશે અને પંચમહાલ જિલ્લાના અલગ અલગ ગામમાં મેડિકલ સ્ક્રીનીંગ કરશે.

# શહેરાની ઘાંઘલપુર ગ્રામ પંચાયત જર્જરીત

શહેરા,

શહેરાના ઘાંઘલપુર ગ્રામ પંચાયત જર્જરિત હાલતમાં હોવા સાથે તલાટી કમ મંત્રી ભયના ઓથાર હેઠળ પોતાની ફરજ બજાવી રહ્યા છે. કચેરીની અંદર મોટી સંખ્યામાં કનેડા ઈયળો ઉભરાઈ આવતા અહીં કામ અર્થે આવતાં અરજદારો તેમજ તલાટીને કામ કરવામાં ભારે તકલીફ પડી રહી હતી.

શહેરા તાલુકાના ઘાંઘલપુર ગ્રામ પંચાયત જર્જરિત હાલતમાં હોવા છતાં તલાટી કમ મંત્રી ગીતાબેન કચેરી ખાતે બેસીને પોતાની નૈતિક ફરજ બજાવી રહયા છે. ગ્રામ પંચાયત કચેરીની અંદર દિવાલ અને છત પર તિરાડ પડવા સાથે ચોમાસાની ઋતુમાં પાણી પણ ટપકતું હોય છે. હાલ ગ્રામ પંચાયત કચેરી ખાતે કમોસમી વરસાદ આવ્યા બાદ કનેડા નામની ઈયળોનો ઉપદ્રવ જોવા મળી રહયો હતો. કચેરીની અંદર મોટી સંખ્યામાં કનેડા ઈયળો



તસ્વીર : તુષાર દરજી, શહેરા

પાછલા કેટલાક મહીનાઓથી કોઈ કારણસર અટકી જતા ગ્રામ પંચાયતના તલાટી ને રાજીવ ગાંધી ભવનમાં બેસીને પોતાની નૈતિક ફરજ બજાવી રહયા છે.

ઘાંઘલપુર સહિત તાલુકામાં આવેલ અન્ય જર્જરિત ગ્રામ પંચાયત ઘર સબંધિત તંત્ર દ્વારા કોઈ મોટી ઘટના બને તે પહેલા નવીન કચેરીના મકાનની કામગીરી શરૂ કરવામાં આવે તે જરૂરી છે.

- તલાટી કમ મંત્રી ભયના ઓથાર હેઠળ પોતાની ફરજ બજાવી રહ્યા.
- કચેરીની અંદર કનેડા નામની ઈયળોનો ઉપદ્રવ.
- ડેમલી ગ્રામ પંચાયત સહિત અમુક ગ્રામ પંચાયત ના નવીન મકાનની કામગીરી પાછલા કેટલાક મહીનાઓથી અટકી શહેરા.

ઉભરાઈ આવતા અહીં કામ અર્થે આવતાં અરજદારો તેમજ તલાટીને કામ કરવામાં ભારે તકલીફ પડી રહી છે. આ ગ્રામ પંચાયત સહિત તાલુકામાં અન્ય ગ્રામ પંચાયત જે મંજૂર થઈ હોવા છતા નવીન ગ્રામ પંચાયત બનવા માટેની કામગીરી શરૂ કરવામાં આવી નથી. તેમજ ડેમલી સહિત અમુક ગ્રામ પંચાયતના મકાનની કામગીરી

જ્યારે ઘાંઘલપુર ગ્રામ પંચાયત કચેરી ખાતે કામ અર્થે આવતાં અરજદારો માંથી ગ્રામ પંચાયત કચેરી વહેલી તકે નવીન બને તેવી માંગ ઉઠવા પામી છે.

# કોરોના કરતા પણ વધારે મોટી અંધ શ્રદ્ધા

નદીસર,

ગોધરા તાલુકાના નદીસર ગામે એપ્રિલ માસમાં કોરોના પોઝિટિવ કેસની સંખ્યામાં ચિંતાજનક વધારો જોવા મળ્યો હતો અને મોટા ભાગના દર્દીઓને હોમ આઈસોલેશન પર રાખવા ચિંતાનો વિષય હતો. ત્યારે નદીસર ગ્રામ પંચાયત દ્વારા તંત્રના આદેશ બાદ ગામની સરકારી પ્રાથમિક શાળામાં કોવિડ સેન્ટર ખોલવામાં આવ્યું હતું. જ્યાં નવ જેટલા બેડ તેમજ જો દર્દી આવે તો ભોજન સહિત અન્ય સુવિધા આપવા પંચાયત દ્વારા નિર્ણય લેવાયો હતો, પરંતુ આજે કોવિડ સેન્ટરને ખુલ્યે પંદર દિવસ જેટલો સમય થયો હોવા છતાં એક પણ દર્દી ત્યાં આઈસો લેટ થવા ન આવતા આશ્ચર્ય સર્જાયું હતું. જોકે આ બાબતે ઉંડી તપાસ થતા ગામમાં થતી ચર્ચા મુજબ અહીંયા વર્ષો પહેલાં બનેલા કેટલાક બનાવો ને લઈ ને ગ્રામજનોમાં એક ભય ઘર કરી ગયો છે અને અહીંયા દિવસનું તો ઠીક છે, પણ રાત્રી રોકાણ કરવા ડરના કારણે કોઈ તૈયાર નથી. ગામમાં થતી ચર્ચા મુજબ અહીંયા રાત્રે ચિત્ર વિચિત્ર અવાજો અને વાતો સંભળાય છે. જોકે આ તમામ વાતો માત્ર અફવા છે. અત્યાર સુધી ચૂંટણી વખતે તેમજ અન્ય પ્રસંગોમાં પણ ઘણી વખત અન્ય સ્ટાફ દ્વારા રાત્રી રોકાણ કરવામાં આવે છે. તેમજ વહેલી સવારે શિયાળામાં પણ ઘણા યુવાનો આ સ્થળને અડકીને આવેલા મેદાનમાં દોડવા તેમજ વિવિધ કસરત માટે જાય છે . એક તરફ કોવિડ સેન્ટર ના કારણે રોજ એક શિક્ષક તેમજ અન્ય મેડિકલ સ્ટાફ તેમજ આશા વર્કરોને પણ હાજર રહેવું પડે છે. ત્યારે આજના વિજ્ઞાનના યુગમાં આવી ભ્રામક અને ખોટી વાતોમાં આવીને કોરોનાના દર્દી પોતાના અને પોતાના પરિવાર માટે પણ જોખમ વધારી રહ્યા છે.

જોકે હજુ આ કોવિડ સેન્ટર ચાલુ જ છે અને આવી વાતો ના કારણે ના છૂટકે કદાચ સ્થાનિક તંત્ર દ્વારા આ સેન્ટર અન્યત્ર ખસેડી લેવામાં આવે તેવી પણ શક્યતા છે...!!!

# ગોધરાના ગેની પ્લોટના રહેણાંક મકાનમાંથી ગૌમાંસ સાથે આરોપીને પોલીસે ઝડપ્યો

ગોધરા,

ગોધરા પશ્ચિમ વિસ્તારના ગેની પ્લોટમાં રહેણાંક મકાનમાં ગૌવંશનું કત્તલ કરવામાં આવી રહ્યું છે. તેવી બાતમીના આધારે પોલીસે રેડ કરી હતી. એક આરોપીને ૧૯૦ કિલો ગૌમાંસ સાથે ઝડપી પાડવામાં આવ્યો.

પ્રાપ્ત વિગતો પ્રમાણે ગોધરા શહેરના પશ્ચિમ વિસ્તારમાં આવેલ ગેની પ્લોટમાં રહેતા અબ્દુલ ઉર્ફે સઉદ હાજી હુસેન બદામના મકાનમાં ગૌવંશ લાવીને કત્તલ કરાઈ રહ્યું છે. તેવી બાતમી બી ડીવીઝન પોલીસને બાતમી મળી હતી. બાતમીના આધારે પોલીસે રેડ કરી અને આરોપીને ગૌમાંસ ૧૯૦ કિલો સાથે ઝડપી પાડયો હતો. આ બાબતે બી ડીવીઝન પોલીસ મથકે ફરિયાદ નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.